RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 46* Date: 12.12.2020 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ટ્રેન અટકાવી પાટા પર આંદોલન

## ખેડૂતો આક્રમક: અલ્ટીમેટમ પુરૂ, રસ્તાની સાથે રેલ્વે પણ રોકીશું

### ભારતીય ખેડૂત યુનિયન સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યું, કહ્યું- નવા કૃષિ કાયદાથી ખેડૂતો નબળા બનશે

*ન્યુ દિલ્હી,તા.૧૧*

નવા કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતોના આંદોલનનો આજે ૧૬મો દિવસ છે. ખેડૂતો અને સરકારની લડાઈ હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગઈ છે. ભારતીય ખેડૂત યૂનિયને ત્રણેય કૃષિ બિલોને શુક્રવારે કોર્ટમાં પડકાર્યા છે. તેમનું કહેવું છે કે આ કાયદાથી ખેડૂતો નબળા બનશે. ખેડૂત નેતા બૂટા સિંહે ગુરુવારે કહ્યું કે, કાયદો રદ કરવા માટે હાલ કોઈ નિર્ણય લેવાયો નથી, એટલા માટે ઝડપથી ટ્રેન અટકાવવાની તારીખ જાહેર કરીશું. ખેડૂત નેતા બલબીર સિંહ રાજેવાલે કહ્યું કે, ખેતી રાજ્યોનો વિષય છે, તો કેન્દ્ર આની પર કાયદો કેવી રીતે બનાવી શકે. આ બધાની વચ્ચે આંદોલન વેગ પકડી રહ્યું છે. અમૃતસરથી ખેડૂત મજૂર સંઘર્ષ સમિતિના ખેડૂત ૭૦૦ ટ્રેક્ટર-ટ્રોલીઓમાં દિલ્હીમાં રવાના થયા છે.તો આ તરફ કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું કે, ખેડૂતોએ વિરોધ બંધ કરીને વાતચીત કરવી જોઈએ, અમે વાતચીત માટે તૈયાર છીએ. ખેડૂતોએ બુધવારે સરકારનો લેખિત પ્રપોઝલ ઠુકરાવી દીધું હતું.આ વિશે કૃષિ મંત્રીએ શુક્રવારે કહ્યું કે, અમને ખેડૂતો પાસેથી કોઈ જવાબ નથી મળ્યો. માત્ર મીડિયા દ્વારા ખબર પડી છે કે તેમણે પ્રપોઝલ ઠુકરાવી દીધો છે. અમે અમારા પ્રપોઝલમાં મુશ્કેલીઓ દૂર કરવાનો પ્રયાસ કર્યો છે. અમને તેમની તરફથી આગળની વાતચીતનું પ્રપોઝલ નથી મળ્યું. મોદીની અપીલ-મારા મંત્રીઓની વાત જરૂર સાંભળજો ખેડૂતોની માંદ અંગે કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર અને રેલવે મંત્રી પીયૂષ ગોયલે ગુરુવારે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. મોદીએ તેનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરીને કહ્યું કે, આને જરૂર સાંભળજો. આજે સિયાલદહ-અમૃતસર અને ડિબ્રૂગઢ- અમૃતસર ટ્રેન રદ કરવામાં આવી છે. ૧૩ ડિસેમ્બરે અમૃતસર-સિયાલદહ અને અમૃતસર-ડિબ્રૂગઢ ટ્રેન કેન્સલ



કરવામાં આવી છે. ખેડૂત નેતા શિવકુમાર કક્કાને પૂછવામાં આવ્યું કે નિવેડો ક્યારે આવશે તો તેમણે કહ્યું, ભગવાનને ખબર કે ક્યારે આવશે. શિયાળા અને કોરોનાને કારણે અમને ઘણી મુશ્કેલીઓ પડી રહી છે, પણ માગ પૂરી ન થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખીશું. બન્ને પક્ષો એકબીજાની પહેલ કરવાની રાહ જોઈ રહ્યા છે. કૃષિમંત્રીએ કહ્યું હતું કે જ્યારે વાતચીત થઈ રહી છે તો આંદોલનને વધારવાનું એલાન યોગ્ય નથી. તો આ તરફ ખેડૂતોનું કહેવું છે કે વાતચીતનો રસ્તો બંધ નથી કર્યો, સરકારના બીજા પ્રપોઝલ પર વિચારીશું. કેન્દ્રએ ખેડૂતોને સ્પષ્ટ સંકેત આપી દીધા છે કે કૃષિ કાયદાને પાછા લેવા મુશ્કેલ છે. જો કોઈ ચિંતા છે તો સરકાર વાતચીત અને સુધારા માટે હંમેશાં તૈયાર છે. કૃષિમંત્રી નરેન્દ્ર સિંહ તોમરે કહ્યું હતું કે અમે ખેડૂતો સાથે ઘણી વખત વાતચીત કરી. તેમના દરેક સવાલનો જવાબ લેખિતમાં પણ આપ્યો, પણ ખેડૂત હાલ પણ નિર્ણય નથી લઈ શકતા અને આ ચિંતાની વાત છે. ખેડૂત આંદોલન વચ્ચે સિંધુ બોર્ડર પર ફરજ અદા કરી રહેલા ૨ આઈપીએસ કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. આ ઉપરાંત એક ડીસીપી અને એક એડિશનલ ડીસીપી પણ સંક્રમિત થઈ ગયા છે.

વડાપ્રધાન મોદીની અપીલ

એક ટ્વીટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કૃષિ મંત્રી દ્વારા પાછલા દિવસોમાં ખેડૂત આંદોલનના મુદ્દે યોજાયેલી પત્રકાર પરિષદનો ઉલ્લેખ કર્યો અને લોકોને તેમની વાત સાંભળવાની અપીલ કરી. પીએમ મોદીએ લખ્યું, 'કેબિનેટના મારા બે સાથીઓ નરેન્દ્રસિંહ તોમર જી અને પિયુષ ગોયલ જીએ નવા કૃષિ કાયદા અને ખેડૂતોની માંગણીઓને લઈ વિસ્તારથી વાત કરી છે. તેને ચોક્કસ સાંભળો. પાછલા દિવસોમાં પીએમ મોદીએ નવા સંસદ ભવનના ભૂમિપૂજન વખતે પણ એક ખાસ સંદેશો આપ્યો હતો અને ગુરુ નાનક દેવનો પાઠ બધાની સામે કહ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે સંવાદ ચાલુ રહેવો જોઈએ અને ચર્ચા થતી રહેવી જોઇએ. ખેડૂતો દ્વારા લેખિત પ્રસ્તાવને ઠુકરાવ્યા બાદ નરેન્દ્ર સિંહ તોમર, પિયૂષ ગોયલ પાછલા દિવસોમાં મીડિયા સામે આવ્યા હતા. કૃષિ મંત્રીએ અહીં ખેડૂતોને ફરી એકવાર આ દરખાસ્ત પર વિચાર કરવાનું કહ્યું. સાથો સાથ એમ પણ કહ્યું કે સરકાર કોઇ ઈગો રાખી રહ્યું નથી, અમે ખુલ્લા મનથી વાતચીત કરી રહ્યા છીએ. કૃષિ કાયદા અંગે તેમણે કહ્યું કે ત્રણ કૃષિ કાયદા ખેડૂતોની આવક વધારવા માટે છે. નક્કી સમયમાં ચૂકવણીની વ્યવસ્થા કરાઇ છે. ખેડૂતોની જમીન સુરક્ષિત રાખવાનું ધ્યાન રખાયું છે. કૃષિ મંત્રી નરેન્દ્ર તોમરે સરકારની તરફથી ખાતરી આપી હતી કે એમએસપી ચાલુ રહેશે, એપીએમસી મજબૂત થશે. આ સિવાય પણ જો કાયદામાં શંકા હોય તો સરકાર દરેક મુદ્દા પર ચર્ચા કરશે અને ખેડૂતોની સમસ્યા ઉકેલશે.

## દેશમાં કોરોના કેસોમાં આંશિક ઘટાડો, ૨૪ કલાકમાં ૨૯,૩૯૮ કેસ નોંધાયા



ન્યુ દિલ્હી,તા.૧૧

દેશમાં કોરોના સંક્રમણના કેસોમાં આંશિક ઘટાડો નોંધાયો છે. ૨૪ કલાકમાં કોરોનાના ૨૯,૩૯૮ પોઝિટિવ દર્દીઓ નોંધાતા કુલ આંકડો ૯૭,૯૬,૭૯૬ પર પહોંચ્યો છે. બીજીતરફ કોરોનાથી રિકવર થયેલા દર્દીઓને આંકડો ૯૨.૯૦ લાખ થતા રિકવરી રેટ ૯૪.૮૪ ટકા થયો છે. કોરોનાથી વધુ ૪૧૪ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૧,૪૨,૧૮૬ થયો હતો. કોરોનાથી મૃત્યુનો દર વધીને ૧.૪૫ ટકા થયો હતો. સતત પાંચમા દિવસે કોરોનાના સક્રિય કેસો ૪ લાખ કરતા ઓછા નોંધાયા હતા.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના ડેટા મુજબ દેશમાં કોરોનાના સક્રિય કેસો ૩,૬૩,૭૪૯ રહ્યા હતા જે કુલ કેસ લોડના ૩.૭૧ ટકા થાય છે. દેશમાં ૭ ઓગસ્ટના સૌપ્રથમ વખત ૨૦ લાખને પાર થયા હતા, ૨૩ ઓગસ્ટના ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરના ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરના ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બરના ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબરના ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરના ૮૦ લાખ જ્યારે ૨૦ નવેમ્બરના ૯૦ લાખ દર્દીઓ નોંધાયા હતા.

દેશમાં એક દિવસમાં વધુ ૪૧૪ દર્દીનાં મોત થયા હતા જે પૈકી મહારાષ્ટ્રમાં ૭૦, દિલ્હીમાં ૬૧, પશ્ચિમ બંગાળમાં ૪૯, પંજાબમાં ૨૭, હરિયાણા તેમજ કેરળમાં ૨૬-૨૬ અને ઉત્તર પ્રદેશમાં ૨૪નાં મોત થયા હતા.

### ભારત પર દબાણ ઊભું કરવાની ચીનની ચાલબાજી

## ભોલારી એરબેઝ પર પાક-ચીનનો સંયુક્ત યુદ્ધ અભ્યાસ

નારાયણ સરોવર,તા.૧૧

ચીન ફક્ત ભારતના લદાખ અને કાશ્મીરની સરહદ પાસે આક્રમકતા બતાવી રહ્યું નથી, બલકે છેક કચ્છની બોર્ડર પાસે પણ પાકિસ્તાનમાં ચીનની હાજરી ચિંતાજનક છે. કચ્છની સામે પાર પાકિસ્તાનમાં સંખ્યાબંધ ચાઈનીસ કંપનીઓ ધમધમી રહી છે. આ બધાની વચ્ચે બુધવારે સિંધમાં કરાચી નજીક આવેલા પાકિસ્તાની એરફોર્સના ભોલારી એરબેઝ પર પાક અને ચીનની વાયુસેનાએ સંયુક્ત યુદ્ધ કવાયત યોજી હતી. ખાસ વાત એ છે કે આ કવાયતમાં ભાગ લેવા માટે ચીનનાં જંગી જહાજ છેક ભોલારી સુધી આવ્યાં હતાં, જેની તસવીરો અને વિડિયો ખુદ પાકિસ્તાન એરફોર્સ દ્વારા જાહેર કરાયાં છે. આ અંગે મળતી વિગતો મુજબ, ભારતનો મુકાબલો કરવા પાકિસ્તાને ચીનનો હર મોરચે સાથ લેવો પડી રહ્યો છે. તો સામે બાજુ, ચીન પણ ભારત પર દબાણ વધારવા પાકિસ્તાનને તમામ પ્રકારની મદદ કરતું રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં પાકિસ્તાનનો બચાવ કરવાની સાથે પાકિસ્તાનને અત્યાધુનિક હથિયારો સપ્લાઇ કરવામાં પણ મદદ કરી રહ્યું છે. પાકિસ્તાન અને ચીન એરફોર્સ વચ્ચે વર્ષ ૨૦૧૧થી શાહીન નામથી યુદ્ધ અભ્યાસ શરૂ થઈ રહ્યો છે. એની નવમી આવૃત્તિ બુધવારે કચ્છની સામે પાર પાકિસ્તાનના સિંધમાં કરાચીની બાજુમાં આવેલા ભોલારી એરબેઝ પર શરૂ થઈ છે. શરૂઆતમાં આ કવાયત ખૂબ જ ગુપ્ત રાખવામાં આવી હતી. ચીનનાં જંગી હવાઈ જહાજ ભોલારી પહોંચતાં સેટેલાઈટ તસવીરોમાં એ કેદ થયાં હતાં. આંતરરાષ્ટ્રીય ગતિવિધિઓ પર નજર રાખતી એજન્સીઓ પણ કચ્છની સરહદ નજીક ચીનનાં જહાજની હાજરીથી ચોંકી ઊઠી હતી. બુધવારે પાકિસ્તાન અને ચીનની વાયુસેનાઓએ આ કવાયતને વ્યવહારિક સહયોગને વધારવા અને બંને પક્ષની વાસ્તવિક લડાઇ તાલીમ સ્તરને સુધારવા માટે કરાઇ રહી છે એવો દાવો કર્યો છે. પાકિસ્તાન એરફોર્સે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મી એરફોર્સ (પીએલએએફ)ની એક ટુકડીએ આ કવાયતમાં ભાગ લીધો છે, જેમાં લડાઇ પાઇલટ, હવાઈ સંરક્ષણ નિયંત્રકો અને તકનિકી ગ્રાઉન્ડ ક્રૂનો સમાવેશ થાય છે. આ કવાયતની શરૂઆતમાં પાક એરફોર્સના ડેપ્યુટી ચીફ ઓફ એર સ્ટાફ (ઓપરેશન) એર વાઇસ માર્શલ વકાસ અહમદ સુલેહરી અને ચીનની વાયુસેનના સહાયક ચીફ ઓફ સ્ટાફ મેજર જનરલ સન હોંગ હાજર રહ્યા હતા. ચીન કોરોનાથી દુનિયાનું ધ્યાન ભટકાવવા લદાખ સરહદ પર આક્રમક બની રહ્યું છે.

તો બીજી તરફ પાકિસ્તાન હવે ભારતથી કોઈપણ ક્ષેત્રે આગળ વધી શકે એવી સ્થિતિમાં નથી. એને કારણે ચીનનો સાથ લેવા સિવાય એની પાસે કોઇ રસ્તો નથી. આ તરફ ચીન એવું બતાવવા માગે છે કે એની પહોંચ અરુણાચલ પ્રદેશની સરહદથી લઈને પશ્ચિમી છેડે કચ્છ બોર્ડર સુધી છે. પાકિસ્તાન અથવા ચીન સાથે ભારતની અથડામણમાં અહીં પણ ભારતને બે મોરચે લડવું પડે એવુ બતાવાઇ રહ્યું છે, તેથી કચ્છમાં પણ ભારતની સ્થિતિ ખૂબ જ મજબૂત છે છતાં હવે વધારે મજબૂત થવું પડે તેમ છે. ભારતના લશ્કરની ત્રણેય પાંખો બે મોરચે યુદ્ધ લડવા તૈયારીઓ વર્ષોથી કરી રહી છે અને એની તૈયારીઓ હવે પૂર્ણ થઈ ગઈ છે. લશ્કરના વડાઓ અનેક વખત બે મોરચે યુદ્ધ લડવાની સાથે જીતવાની તાકાત ભારત પાસે હોવાનું કહી ચૂક્યા છે. એમાં પણ ભારતીય વાયુસેનામાં રાફેલના સામેલ થવાથી ચીન અને પાકિસ્તાન સામે આપણી તાકાત ખૂબ જ વધી ગઈ છે.

### અમેરિકાના રાજકારણમાં બદલાવ લાવવા માટે આ સન્માન અપાયું

## ટાઈમ પર્સન ઓફ ધી યર મેગેઝીન: કવર પેજ પર છવાયા બાઈડેન અને હેરિસ

વોશિંગટન,તા.૧૧

ટાઈમ મેગેઝીને ૨૦૨૦ માટે પર્સન ઓફ ધી યરની જાહેરાત કરી દીધી છે. આ વખતે અમેરિકાના પ્રેસિડન્ટ ઈલેક્ટ જો બાઈડન અને વાઈસ પ્રેસિડન્ટ ઈલેક્ટ કમલા હેરિસને મેગેઝીનના કવર પેજ પર જગ્યા આપી છે. બંનેના ફોટા સાથે લખ્યું છે કે, ચેન્જીંગ અમેરીકાઝ સ્ટોરી એટલે કે બદલાતા અમેરિકાની કહાની. ૧૯૨૭થી ટાઈમ મેગેઝિન પર્સન ઓફ ધી યરની પસંદગી કરી રહી છે. આ વર્ષે પર્સન ઓફ ધી યરની રેસમાં અમેરિકન ફિઝિશિયન ડોક્ટર એંથની ફૌસી, રેસિયલ




જસ્ટિસ મૂવમેન્ટ અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ હતા.

બાઈડેને ગયા મહિને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પને હરાવ્યા છે. અમેરિકાના દરેક ૫૦ રાજ્યોમાં ચૂંટણીને સર્ટિફાઈ માનવામાં આવી છે. તેમ છતાં ટ્રમ્પ ચૂંટણીમાં કૌભાંડ થયું હોવાનો આરોપ લગાવી રહ્યા છે. મેગેઝિને બંનેને અમેરિકાના ઈતિહાસમાં પરિવર્તન લાવવા માટે પોલિટિક્સ કેટેગરીમાં આ પુરસ્કાર આપ્યો છે.

ટાઈમના એડિટર ઈન ચીફ એડવર્ડ ફેલ્સેંથલે સોશિયલ મીડિયા પર લખ્યું છે કે, બાઈડન અને કમલા હેરિસે અમેરિકન ઈતિહાસને બદલવાનો પ્રયત્ન કર્યો છે. તેમાં દર્શાવવામાં આવ્યું કે, લોકોના ભાગલાં પાડવા કરતાં વધારે તાકાત તેમના પ્રત્યે હમદર્દી દર્શાવવામાં છે. બંનેએ દૂખમાં ડુબેલી દુનિયાના ઘા ઉપર મલમ લગાવવાનું વિઝન રજૂ કર્યું છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૨૨૩**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૨૫૩૦૪**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૩**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૪૦૩**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૦૭૬૨૯**

## અમેરિકામાં ફાઇઝરની વેક્સિન લગાવ્યા બાદ ૨ વ્યક્તિનાં મોત

વોશિંગટન,તા.૧૧

યુકેમાં પહેલા જ દિવસે ફાઈઝરની કોરોના વેક્સિન લગાવ્યા પછી બે વ્યક્તિ બીમાર થઈ ગઈ હતી અને એક દિવસ પછી તે બંનેનાં મોત થયાં છે. બંને વ્યક્તિ વ્યવસાયે સ્વાસ્થ્યકર્મી હતા અને તેમને વેક્સિનને કારણે એલર્જી રિએક્શન આવ્યું હતું. આ ઘટના પછી યુકેની નેશનલ હેલ્થ સર્વિસ દ્વારા એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે જે લોકોને કોઈ દવા, ખાવાની વસ્તુ અથવા વેક્સિનની એલર્જી હોય તેઓ હાલ ફાઈઝરની વેક્સિનની ટ્રાયલમાં સામેલ ન થાય. આ ઘટના યુકેમાં કોરોના વેક્સિનેશન શરૂ થયા ને ૨૪ કલાકમાં જ બની હતી, એને કારણે સરકારની પણ ચિંતા વધી ગઈ હતી.

રિપોર્ટ્સમાં જણાવ્યા પ્રમાણે, બંને પીડિત સ્વાસ્થ્યકર્મીને છહર્ક્રરઅક્ષક્રર્ષ્ઠ રિએક્શનની તકલીફ થઈ હતી. ડોક્ટર્સના જણાવ્યા પ્રમાણે, આ એક ઈમર્જન્સીવાળી સ્થિતિ હોય છે. તેમાં દર્દીને તાત્કાલિક સારવાર આપવામાં આવતી હોય છે. સામાન્ય રીતે આ વેક્સિનની એલર્જીમાં ૫થી ૩૦ મિનિટની અંદર જ લક્ષણ દેખાવા લાગતાં હોય છે. આ વિશે સ્પષ્ટીકરણ થયા પછી યુકેની રેગ્યુલેટરી એજન્સીએ ચેતવણી જાહેર કરી છે કે એવી કોઈપણ વ્યક્તિ, જેને કોઈ દવા, ખાવાની વસ્તુ અથવા વેક્સિનથી એલર્જી હોય તો તેઓ ફાઈઝરની વેક્સિનેશન ટ્રાયલમાં સામેલ ન થાય.

આ ઘટના પછી એનએચએસના નેશનલ મેડિકલ ડાયરેક્ટર પ્રોફેસર સ્ટીફન પોવિસે જણાવ્યું હતું કે બંને વ્યક્તિ એલર્જી હિસ્ટ્રીવાળી હતી અને એને કારણે આ ઘટના બની છે.

નોંધનીય છે કે અત્યારે હાલ બ્રિટનમાં ૮૦થી વધારે ઉંમરના લોકોને ફાઈઝરની વેક્સિન આપવામાં આવી રહી છે. એ માટે દેશમાં ૫૦ સેન્ટર બનાવવામાં આવ્યાં છે. સંપૂર્ણ રીતે વિકસિત કોરોના વેક્સિનના દ્વારા સામાન્ય જનતાનું વેક્સિનેશન શરૂ કરનાર બ્રિટન દુનિયાનો પહેલો દેશ છે.

## તંત્રી સ્થાનેથી...

# નવા કૃષિ કાનુન સામેનું ખેડૂત આંદોલન ક્યાં જઈને અટકશે.....?

નવા કૃષિ કાનુન વિરોધ કરવા માટે દેશના કેટલાક રાજ્યોમાં ખેડૂત આંદોલન જોરશોરથી ચાલી રહ્યું છે.તેમા ખાસતો દિલ્હી બોર્ડર પર મોટી સંખ્યામાં ખેડૂતોએ જમાવડો કરી દીધો છે. સરકાર સાથે ૬-૬ વાર બેઠકો યોજાઈ અને છેલ્લે સરકારે લેખિતમા બાહેધરીઓ પહોંચાડી જેનો ખેડૂતોએ અસ્વીકાર કર્યો. હવે ભાજપ નેતાઓ, ભાજપ કાર્યાલયો, ટોલ પ્લાઝા પર ઘેરાવો,રોડ- રસ્તા ચક્કાજામ જેવા કાર્યક્રમો આપી આંદોલન ઉગ્ર બનવા તરફ આગળ વધી રહ્યુ છે... તે સાથે રિલાયન્સના જીયો,તેના મોલ અને તેની તમામ ચીજ વસ્તુઓનો બહિષ્કાર કરવાનું અભિયાન શરૂ કરી દેવામાં આવ્યું છે. ત્યારે સરકારે દિલ્હી બોર્ડર પર અને દિલ્હીમાં આવી ગયેલા ખેડૂતોને આને તેઓના જમાવડાને હટાવવા સીઆરપી તથા અન્ય સુરક્ષા દળ સહિતના જવાનોને મોટી સંખ્યામા ઉતારવાનું શરૂ કરી દીધું છે. તેમજ ગાજીયાબાદ ટોલનાકાથી ખેડૂતોને હટાવી રસ્તો ચાલુ કરવા પ્રયાસો શરૂ થઈ ગયા છે. બીજી તરફ પોલીસ દ્વારા કોરોના ૧૯ નિયમોનો ભંગ કરવા બદલ ફરિયાદ ખેડૂતો સામે નોંધવાનુ શરૂ કરી દીધું છે જેમાં માસ્ક ન પહેરવું અને ડિસ્ટન્સ ન જાળવવુ તેવી નોંધ એફઆઈઆરમા કરવામાં આવી રહી છે.... આ કારણે ખેડૂતો સરકાર સામે વધુ ઉગ્ર બન્યા છે કારણ ખેડૂતોમાં એક પણ કોરોના પોઝેટીવ કેસો ટેસ્ટ કરવા છતાં મળ્યો ન હતો. જેમાં વધુ ધમાસાણ સિન્ધુ બોર્ડરની રેડ લાઈટ ઉપર છે...અહી મોટી સંખ્યામાં ખેડૂતોએ ઉમટી પડીને રોડ- રસ્તા જામ કરી દીધા છે.આ ખેડૂતો સામે એફઆઈઆર દાખલ કરી દેવામાં આવી છે. નોંધનીય બાબતે એ છે કે તારીખ ૨૯ મી નવેમ્બરે લામપુર બોર્ડર પરથી ખેડૂતો દિલ્હીમાં પહોંચી ગયા હતા.બીજી હકીકત નોંધનીય એ પણ છે કે ખેડૂતોના કોરોના બાબતે અગાઉ અનેકોના કોરોના ટેસ્ટ કરવામાં આવેલા પરંતુ બધા રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા....!

દિલ્હી સહિતના અન્ય રાજ્યના રાજકીય ક્ષેત્રે અને આમ પ્રજામાં એ સવાલી ચર્ચાઓ ઉઠવા પામી છે કે ખેડૂત આંદોલનમાં લાખોની સંખ્યામાં મોટી ભીડ છે કોઈ માસ્ક બાંધતા નથી અને ડિસ્ટન્સ પણ રહેતું નથી તેમ છતા કોઇપણ ખેડૂત કોરોનાની ચપેટમાં આવ્યા નથી.... તો શું દેશમાં ચાલી રહેલ કોરોના મહામારી કોઈ મોટું કૌભાંડ તો નથી ને.....? દેશના લોકોમાં ભયનો માહોલ પેદા કરીને સરકારને ગમતા અને ધનકુબેરો તરફી કાયદા બનાવી દેવાની કોઈ રાજ રમત તો નથીને.....? કે પછી ખેડૂત આંદોલન તોડી પાડવા કોરોના નિયમોનુ હથિયાર ખેડૂતો ઉપર કોરોના નિયમ ભંગ માટે એફઆઈઆર નોંધીને ઉગામ્યુ છે....? આવી અનેક સવાલી ચર્ચાઓ ચાલી રહી છે. ઉપરાંત આંદોલન સ્થળોના અનેક વીડિયો વાયરલ થયા થઈ રહ્યા છે. જેમાં એક વીડિયોમાં એક વૃધ્ધ ખેડૂતે અપીલ કરી છે કે ધરતી પુત્રો કાચું સોનું અને હીરા પકાવે છે તેઓ પોતાનું અને તેમના પરિવારનું અને દેશના ૧૩૦ કરોડ લોકો માટે ધાન પકાવે છે. તેઓને પાણી, વીજળી, ખાતર અને ઉપજની કિંમત જોઈએ છે તેમજ ખેડૂત પોતે પોતાના ખેતરમાં જેની ખેતી કરવી હોય તેની આઝાદી તથા માલ વેચવો હોય ત્યારે ઉપજ કરતા ડોઢ ગણો ભાવ મળવો જોઈએ. તેમણે વડાપ્રધાનને ઉદ્દેશીને કહ્યું છે કે તમે વડાપ્રધાન બનતા પહેલા જાહેર સભામાં દેશના ૧૩૦ કરોડ લોકોને વાયદો કર્યો હતો તેનો અમલ કરો. ખેડૂતો બીજું કાંઈ નથી માંગતા..... ધરતી પુત્રો પાસેથી તેમની જમીનની ઉપજ લેવાનો ઉધોગપતિઓ, માલેતુજારો, મૂડીપતિઓને કોઈ અધિકાર નથી. તમારા ઉપર મોટો વિશ્વાસ આમ પ્રજાએ મુકયો હતો.... અને હવે....?! જ્યારે ૭૫ વર્ષિય હરિયાણા ખેડૂત નેતા સુખાસિગે વાયરલ થયેલ વીડિયોમાં જણાવ્યું છે કે....કાશ... ખેડૂત આંદોલન અંગે દેશના લોકો થોડું સમજે અને વિચારે કે....આ માત્ર ખેતર,ખેત પેદાશો ખેડૂતની જ નહીં પરંતુ આવનાર સમયમાં તેમની થાળી કેટલી મોંઘી થઈ જશે.....? તમારો ઘર ખર્ચ ક્યાં પહોંચશે.... પરિવારનું જીવનધોરણ કઈ રીતે ઊંચું લઈ જશો.....? અમુક બંધ કિસ્મતોતેમના પરિવારનું ખાવાનું પૂરું કરી શકશે કે કેમ....? એ સવાલ મોટો છે....પરંતુ આ વાત સમજે તેના માટે......! આવા અનેક વીડિયો દેશભરમાં વાયરલ થયા છે હવે જોઈએ કે..... ખેડૂત આંદોલન ક્યાં જઈને અટકે છે.....?

# દીદી આક્રમકઃ કંઇ કામધંધો નથી, જ્યારે જુઓ ત્યારે આવી જાય છે ચડ્ડા, નડ્ડા, ફડ્ડા

કોલકાતા,તા.૧૧

પશ્ચિમ બંગાળમાં ભાજપ અને ટીએમસી વચ્ચેનું રાજકીય યુદ્ધ દિવસેને દિવસે તીવ્ર થઈ રહ્યું છે. ગુરુવારે ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડાના કાફલા ઉપર પથ્થરમારાની ઘટના સામે આવી છે. ત્યારબાદ બંને પક્ષે જુબાની જંગ પણ ખૂબ ચાલી. સીએમ મમતા બેનર્જીએ પથ્થરમારાની આ ઘટનાને ભાજપનું નાટક ગણાવતા કહ્યું કે તેમની પાસે બીજો કોઈ કામધંધો નથી, બધા અહીં જ દટાયેલા રહે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૯ અને ૨૦ ડિસેમ્બરના રોજ પશ્ચિમ બંગાળ જઇ રહ્યા છે.

મમતાએ કહ્યું, ‘તેમની (બીજેપી) પાસે કોઈ બીજોકોઇ કામધંધો નથી. મોટાભાગે ગૃહમંત્રી પણ અહીં જ હોય છે, બાકીનો સમય તેમના ચડ્ડા, નડ્ડા, ફડ્ડા, ભડ્ડા અહીં હોય છે. જ્યારે તેમની પાસે કોઈ દર્શક હોતા નથી તેઓ પોતાના કાર્યકર્તાઓને નોટંકી કરવા માટે કહે છે. ડાયમંડ હાર્બર વિસ્તારમાં બનેલી આ ઘટના અંગે મમતાએ આંગળી ઉઠાવતા કહ્યું કે તમારી સાથે સુરક્ષાકર્મીઓ છે. કોઈ તમારા પર કેવી રીતે હુમલો કરી શકે છે? હુમલાનું આયોજન કરવામાં આવ્યું હશે, મેં પોલીસને તપાસ કરવા માટે કહ્યું છે. પરંતુ હું દરવખતે ખોટું સહન કરીશ નહીં. તેઓ (ભાજપના કાર્યકરો) દરરોજ શસ્ત્રો (રેલીઓ માટે) સાથે આવે છે. તેઓ પોતાને થપ્પડ મારી રહ્યા છે અને તેનો આરોપ તૃણમૂલ કોંગ્રેસ પર લગાવી રહ્યા છે. જરા સ્થિતિ અંગે વિચારો. તેઓ બીએસએફ, સીઆરપીએફ, આર્મી અને સીઆઈએસએફની સાથે ફરી રહ્યા છેપ તો પછી તમે આટલા બધા ડરો છો કેમ?



મમતાની વાત સાંભળીને નડ્ડાએ કહ્યું, ‘તેમણે મારા વિશે ઘણી બધી સંજ્ઞાઓ, વિચારો અને શબ્દાવલી આપી છે. મમતા જી આ તમારા સંસ્કારો વિશે જણાવે છે અને આ બંગાળી સંસ્કૃતિ નથી. મમતાજી બંગાળને કેટલું નીચે લઈ ગયા છે.

પશ્ચિમ બંગાળના બે દિવસીય પ્રવાસ પર જશે ગૃહ મંત્રી અમિત શાહ

એક મીડિયા રિપોર્ટ મુજબ અમિત શાહ ૧૯ ડિસેમ્બરે કોલકાતા પહોંચશે અને ત્યાં ૨૦ ડિસેમ્બર સુધી રોકાશે. આગામી વર્ષે રાજ્યની વિધાનસભા ચૂંટણીની વચ્ચે ટીએમસી અને બીજેપીની વચ્ચે વધી રહેલા તણાવથી રાજકીય પારાનો અંદાજો લગાવી શકાય છે. બીજી તરફ કેન્દ્ર સરકારે બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાના પશ્ચિમ બંગાળના પ્રવાસ સમયે કથિત ગંભીર સુરક્ષા ખામીને લઈ ગુરૂવારે રાજ્ય સરકાર પાસેથી રિપોર્ટ માંગ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય તરફથી આ રિપોર્ટ પશ્ચિમ બંગાળ સરકાર પાસે માંગવામાં આવ્યો છે જ્યારે બુધવારે બીજેપીના સ્ટેટ યૂનિટના અધ્યક્ષ દિલીપ ઘોષે ગૃહ મંત્રી અમિત શાહને પત્ર લખ્યો હતો.

# નાસા ૨૦૨૪માં ચંદ્ર પર ફરીથી માનવને મોકલશે, ૧૮ અવકાશયાત્રીઓમાં એક ભારતીય

વોશિંગટન,તા.૧૧

નાસાએ ૨૦૨૪ના મૂન મિશન માટે સંભવિત ૧૮ અવકાશયાત્રીઓની યાદી જાહેર કરી હતી. એ યાદીમાં અડધો અડધ મહિલા અવકાશયાત્રીઓનો સમાવેશ કરાયો છે. તમામ અવકાશયાત્રીઓને ટૂંક સમયમાં તાલીમ અપાશે. નાસા ૨૦૨૪માં ચંદ્ર પર ફરીથી માનવીને મોકલશે. મિશન મૂન માટેની તૈયારી પૂરજોશમાં શરૃ થઈ ચૂકી છે. એ માટે નાસાએ ૧૮ અવકાશયાત્રીઓની ટીમ તૈયાર કરી છે. એ બધાને અવકાશયાત્રાની તાલીમ અપાશે. આ ૧૮માંથી ફાઈનલ થયેલા અવકાશયાત્રીઓને ચંદ્ર પર જવાની તક મળશે.

આ ૧૮માંથી એક ભારતીય મૂળના રાજા ચૌરીને લોટરી લાગી છે. આ યાદીમાં પ્રથમ વખત અડધો અડધ મહિલા અવકાશયાત્રીઓનો પણ સમાવેશ કરાયો છે. નાસાએ ચંદ્ર પર પ્રથમ મહિલાને ઉતારવાની તૈયારી આરંભી દીધી છે. અમેરિકાના ઉપપ્રમુખ માઈક પેન્સે નેશનલ સ્પેસ કાઉન્સિલની બેઠકમાં આ માહિતી આપી હતી અને ૧૮ અવકાશયાત્રીઓનો પરિચર ટૂંક સમયમાં દેશને થશે એવું પણ કહ્યું હતું. માઈક પેન્સે કહ્યું હતુ કે હું અમેરિકન નાગરિકોને જણાવવા આનંદ અને ગૌરવ અનુભવું છું કે આગામી સમયમાં નવા હીરોઝ આપણી સમક્ષ હાજર થશે, જે આપણને ફરીથી ચંદ્રની સપાટી પર લઈ જશે. નાસાએ બનાવેલા ગ્રુપમાં અગાઉ ઈન્ટરનેશન સ્પેસ સ્ટેશનમાં જઈ આવેલા અવકાશયાત્રીઓનો પણ સમાવેશ થાય છે. અત્યારે નાસા પાસે કુલ ૪૭ એક્ટિવ અવકાશયાત્રીઓ છે, એમાંથી જ ઘણાંનો સમાવેશ આ ટીમમાં થયો છે. જેમ કે, મહિલા અવકાશયાત્રી કેટ રુબિન્સ, ક્રિસ્ટિના કોચ, જેસિકા મેઈરનો સમાવેશ કરાયો છે. ટીમમાં આઠ અવકાશયાત્રીઓ એવા છે, જેમણે અગાઉ સ્પેસ સ્ટેશનમાં જવાનો અનુભવ લીધો છે. તે ઉપરાંત લગભગ ૧૦ નવા સંભવિત અવકાશયાત્રીઓની પણ પંસદગી થઈ છે.

# હિમવર્ષાથી ગુજરાતમાં ઠંડી વધશે, મ.પ્ર.- રાજસ્થાનમાં બે દિવસ વરસાદની શક્યતા

ન્યુ દિલ્હી,તા.૧૧

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે પહાડી વિસ્તારોમાં હિમવર્ષા શરૂ થઈ ગઈ છે અને તેના કારણે ગુજરાત સહિત વિવિધ રાજ્યોમાં ઠંડી વધી શકે છે. તે ઉપરાંત રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં શુક્રવારે અને શનિવારે વરસાદ થવાની શક્યતા છે. ગુજરાતના વિવિધ શહેરોમાં આજે વહેલી સવારથી સામાન્ય વરસાદ જોવા મળી રહ્યો છે. જ્યારે મધ્યપ્રદેશના ભોપાલમાં પણ આજે વહેલી સવારે ધીમી ધારે વરસાદ થયો હતો. રાજસ્થાનમાં ૧૫ ડિસેમ્બર પછી તાપમાન ૪ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે. બિહારમાં ૧૫-૧૬ ડિસેમ્બરે વરસાદની શક્યતા છે. તેના કારણે ઠંડીમાં પણ વધારો થશે. હવામાન વૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે બિહારમાં હાલ ધુમ્મસના કારણે રાહત મળશે નહીં. ડિસેમ્બરના ૧૦ દિવસ પસાર થઈ ગયા છે, પરંતુ દિવસ-રાતનું તાપમાન ઓછું નથી થઈ રહ્યું. અત્યારે ત્યાં વધારે વરસાદ નથી. આ પહેલાં હવામાન વૈજ્ઞાનિકોએ દાવો કર્યો હતો કે લા-નીનાની અસરથી વધારે ઠંડી પડવાની છે. હવે એન્ટી સાઈક્લોન સિસ્ટમ ઉત્તરથી આવતી ઠંડી હવાઓને આગળ વધતાં રોકી રહી છે. આ સંજોગોમાં પશ્ચિમી વિક્ષોભ સંપૂર્ણ રીતે સક્રિય નથી થઈ શકતું. પહાડિ વિસ્તારમાં થતી હિમવર્ષાના કારણે ઘણાં જિલ્લામાં શુક્રવારે અને શનિવારે વરસાદ થવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે પઠાણકોટ, ગુરદાસપુર, અમૃતસર, હોશિયારપુર અને નવાંશહરમાં વરસાદ થઈ શકે છે. ૧૩ અને ૧૪ ડિસેમ્બરે ગાઢ ધુમ્મસ અને ઠંડા પવનની શરૂઆત થઈ શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે પંજાબમાં મિનિમમ ટેમ્પરેચર ૫ ડિગ્રી ઉપર રહી શકે છે. આજે અને કાલે રાજયના ઘણાં વિસ્તારોમાં હળવો વરસાદ થઈ શકે છે. તેના કારણે પહાડોથી ઠંડી મંદાન વિસ્તાર તરફ આગળ વધી શકે છે.

૧૩ અને ૧૪ ડિસેમ્બરે આ વિસ્તારમાં ગાઢ ધુમ્મસ છવાઈ શકે છે. જયારે ૧૭ ડિસેમ્બર પછી વધારે ઠંડી શરૂ થઈ શકે છે. બિહારમાં હમણાં ધુમ્મસથી રાહત મળે તેવી શક્યતા ઓછી છે. સવારે ૧૦ વાગે મોટાભાગના જિલ્લામાં ગાઢ ધુમ્મસ છવાયેલું રહેશે. ૧૫-૧૬ ડિસેમ્બરે હળવો વરસાદ થવાની શક્યતા છે. ત્યારપછી આકાશ સ્પષ્ટ જોવા મળશે અને રાતના તાપમાનમાં ઘટાડો થશે. ત્યારપછી ઠંડી વધશે.

# કેનેડા અને ચીની સેનાઓ વચ્ચે શિયાળામાં યુદ્ધાભ્યાસની યોજનાના અહેવાલો

ટોરન્ટો,તા.૧૧

ભારતના ખેડૂત આંદોલન પર નિવેદનો આપનારા કેનેડિયન પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોની ‘ચીની લિંક‘ ઉજાગર થઈ છે. એક રિપોર્ટમાં કહેવાયું છે કે ટ્રુડો ચીનની નજીક જઈ રહ્યા છે અને વર્ષ ૨૦૧૯માં તેમણે બંને દેશોની સેનાઓ વચ્ચે શિયાળામાં યુદ્ધાભ્યાસની યોજના પણ બનાવી હતી. જો કે એ વાત અલગ છે કે તેમની આ ઈચ્છા પૂરી થઈ શકી નહી.

આ ખુલાસા બાદ હવે એ સવાલ જરૂરી બની ગયો છે કે શું જસ્ટિન ટ્રુડો બેઈજિંગના ઈશારે ખેડૂત આંદોલન અંગે નિવેદનો આપી રહ્યા છે જયારે આ તો સ્પષ્ટપણે ભારતનો આંતરિક મામલો છે. ટોપ સિક્રેટ દસ્તાવેજોથી ખુલાસો થયો છે કે કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોએ ૨૦૧૯માં ચીન અને કેનેડાની સેનાઓ વચ્ચે શિયાળાની ઋતુમાં યુદ્ધાભ્યાસની યોજના બનાવી હતી.

# પાક તરફથી નિયંત્રણરેખા પર ફાયરિંગ, ભારતની જવાબી કાર્યવાહીમાં ૫ સૈનિક ઠાર



ન્યુ દિલ્હી,તા.૧૧

પાકિસ્તાન તરફથી નિયંત્રણરેખા પર જોરદાર ફાયરિંગ કરવામાં આવી રહ્યું છે. ગુરુવારે બપોરે શરૂ થયેલો સિલસિલો શુક્રવાર સવાર સુધી ચાલુ રહ્યો હતો. ભારતીય સેનાએ પાકિસ્તાનની આ હરકતનો જડબાતોડ જવાબ આપ્યો હતો. જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનના પાંચ સૈનિક ઠાર મરાયા હતા અને ત્રણ સૈનિક ઘાયલ પણ થયા છે. ભારતીય સેનાનાં સૂત્રોના હવાલાથી આ માહિતી આપી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, પાકિસ્તાન તરફથી ગુરુવારે બપોર પછી શરૂ થયેલું ફાયરિંગ શુક્રવારે સવારે પણ ચાલુ હતું. આ દરમિયાન મોટી સંખ્યામાં હથિયારો અને મોર્ટારનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભારતીય સેનાએ પણ જવાબી કાર્યવાહી કરી, જેમાં પાકિસ્તાનના ૫ સૈનિક ઠાર મરાયા હતા. એલઓસીના અમુક ભાગમાં પાકિસ્તાની સેના સતત ઉશ્કેરણીજનક કાર્યવાહી કરી રહી છે. ગુરુવાર રાતે ફાયરિંગનું કેન્દ્ર જમ્મુ-કાશ્મીરનું પૂંછ સેક્ટર હતું.

# બંગાળના ગવર્નરે કહ્યુ- સીએમ મમતા આગ સાથે ન રમે, માફી માંગે



કોલકાતા,તા.૧૧

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ જગદીપ ધનખડએ કહ્યું છે કે તેમણે કેન્દ્ર સરકારને ખૂબ જ પરેશાન કરનારા ઘટનાક્રમો વિશે એક રિપોર્ટ મોકલ્યો છે. લોકતાંત્રિક મૂલ્યો માટે આ સારી બાબત નથી. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાના કાફલા પર થયેલા હુમલા બાદ ગૃહ મંત્રાલયએ રિપોર્ટ માંગ્યો હતો. રિપોર્ટ મોકલ્યા બાદ પ્રેસ સાથે રૂબરૂ થયેલા રાજ્યપાલે કહ્યું કે મુખ્યમંત્રી (મમતા બેનર્જી)ને બંધારણનું પાલન કરવું જોઈએ.

તેઓ પોતાના માર્ગથી હટી નહીં શકે. રાજ્યમાં કાયદા-વ્યવસ્થાની સ્થિતિ લાંબા સમયથી સતત બગડતી રહી છે. પશ્ચિમ બંગાળના રાજ્યપાલે કહ્યું કે કાલે બનેલી ઘટનાઓ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. તે આપણા લોકતાંત્રિક તાણા-વાણા પર એક ધબ્બો છે. કાલની ઘટના માટે મમતા બેનર્જીએ માફી માંગવી જોઈએ. રાજ્યપાલે કહ્યું કે પશ્ચિમ બંગાળમાં અંદરના, બહારના જેવો ખતરનાક ખેલ ચાલી રહ્યો છે. મમતા આગ સાથે ન રમે. તેઓએ બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાના કાફલા પર હુમલાના સંદર્ભમાં કહ્યું કે પશ્ચિમ બંગાળમાં દિવસે ને દિવસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડતી જઈ રહી છે.

# કીમતી અને બિનલોહ ધાતુઓ, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧,૭૨,૪૨૭ સોદામાં રૂ.૧૦,૮૭૧.૬૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓ અને બિનલોહ ધાતુઓ તેમ જ એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ, નેચરલ ગેસના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો, જ્યારે કૃષિ કોમોડિટીઝમાં કપાસ અને મેન્થા તેલના વાયદાના ભાવમાં સુધારાનો સંચાર થયો હતો. આ સામે કોટન અને સીપીઓ ઘટીને ટ્રેડ થઈ રહ્યા હતા.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૭૯૭૦ સોદાઓમાં રૂ.૫૫૪૪.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૧૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૧૭૪ અને નીચામાં રૂ.૪૮૮૭૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૧૪ ઘટીને રૂ.૪૮૯૬૩ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૩ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૯૩૫૩ અને ગોલ્ડ-પેટલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૦ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૯૧૭ થયા હતા, જ્યારે સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૮૭ ઘટીને બંધમાં રૂ.૪૮૯૯૪ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૩૪૫૯ ખૂલી, ઊપરમાં રૂ.૬૩૫૮૧ અને નીચામાં રૂ.૬૨૭૦૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૮૩ ઘટીને રૂ.૬૨૯૪૭ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૫૨૬ ઘટીને રૂ.૬૩૦૦૪ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૫૨૦ ઘટીને રૂ.૬૩૦૧૧ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૩૮૬૯૨ સોદાઓમાં રૂ.૧૫૭૭.૩૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૩૪૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૩૪૮૦ અને નીચામાં રૂ.૩૪૨૪ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૪ ઘટીને રૂ.૩૪૩૩ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૪૩૧૧ સોદાઓમાં કુલ રૂ.૫૬૪.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ડિસેમ્બર વાયદો ગાંસડીદીઠ રૂ.૨૦૨૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૦૩૨૦ અને નીચામાં રૂ.૨૦૧૧૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૦ ઘટીને રૂ.૨૦૧૩૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ડિસેમ્બર કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૯૧૩ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૬.૯ ઘટીને બંધમાં રૂ.૯૦૭.૨ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૪૯.૯ ખૂલી, ઊપરમાં રૂ.૯૫૧ અને નીચામાં રૂ.૯૪૬.૨ રહી, અંતે રૂ.૯૪૯.૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૧૯૩ ખૂલી, ઊપરમાં રૂ.૧૧૯૮ અને નીચામાં રૂ.૧૧૮૮ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૨ વધીને રૂ.૧૧૯૨ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દ્દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૦૨૧૨ સોદાઓમાં કુલ રૂ.૨૬૩૫.૦૫ કરોડ ની કીમતનાં ૫૩૬૯.૬૨૭ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૭૭૫૮ સોદાઓમાં કુલ રૂ.૨૯૦૯.૦૨ કરોડ ની કીમતનાં ૪૫૯.૯૨૮ ટન, ક્રૂડ તેલમાં ૬૦૯૫ સોદાઓમાં રૂ.૩૬૮.૦૬ કરોડનાં ૧૦૬૫૯૦૦ બેરલ્સ, કોટનમાં ૫૧૭ સોદાઓમાં રૂ.૪૦.૯૦ કરોડનાં ૨૦૧૫૦ ગાંસડી, સીપીઓમાં ૩૭૫૯ સોદાઓમાં રૂ.૫૨૦.૬૬ કરોડનાં ૫૭૦૯૦ ટન, મેન્થા તેલમાં ૨૧ સોદાઓમાં રૂ.૨.૭૭ કરોડનાં ૨૯.૧૬ ટન, કપાસમાં ૧૪ સોદાઓમાં રૂ.૩૫.૭૭ લાખનાં ૬૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૧૪૬૩૦.૦૫૪ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૭૩.૪૭ ટન, ક્રૂડ તેલમાં ૨૦૬૭ બેરલ્સ, કોટનમાં ૭૬૭૭૫ ગાંસડી, સીપીઓમાં ૧૦૧૮૨૦ ટન, મેન્થા તેલમાં ૧૧૫.૫૬ ટન અને કપાસમાં ૬૦૮ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૫૧૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૩૧ અને નીચામાં રૂ.૩૮૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૪૧૩ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬૪ ખૂલી, ઊપરમાં રૂ.૬૪૯ અને નીચામાં રૂ.૫૬૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૦૨ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૬૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૫૨૯૬ ખૂલી, ઊપરમાં રૂ.૫૨૯૬ અને નીચામાં રૂ.૫૧૨૮ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૨૦૬ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૫૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૫૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૩૩ અને નીચામાં રૂ.૫૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૮૩ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં પુટ ઓપ્શન્સમાં રૂ.૫૮૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૨ ખૂલી, ઊપરમાં રૂ.૨ અને નીચામાં રૂ.૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૨ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ.૩૫૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૭૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૬.૫ અને નીચામાં રૂ.૫૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૦.૯ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ.૩૪૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ડિસેમ્બર કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૬૨ ખૂલી, ઊપરમાં રૂ.૬૮ અને નીચામાં રૂ.૪૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ.૬૪.૧ બંધ રહ્યો હતો.

# બે બોલ

## સંબંધો પીડા કેમ આપે છે?

કોઈ સંબંધ શું કામ તકલીફ આપે છે ? શું કામ આપણે વારંવાર લાગણીઓની ભરતી-ઓટ કે emotional turmoil માંથી પસાર થવું પડે છે ? કેમ ક્યારેક એવો વિચાર આવે છે કે કોઈ વ્યક્તિ આપણી જિંદગીમાં આવી જ શું કામ ? અથવા જો આવી જ ગઈ’તી, તો પછી ગઈ શું કામ ?

આપણા જીવનકાળ દરમિયાન આપણા સંપર્કમાં આવતા લોકો નિયતિએ નક્કી કરેલા હોય છે ? કે તેઓ આપણને આકસ્મિક રીતે મળી જાય છે ?

હમણાં મારા એક બહુ જ નજીકના મિત્રએ મને આવા સવાલો પૂછ્યા. એ મિત્ર એક ‘ઈમોશનલ ટ્રોમા’માંથી પસાર થઈ રહ્યો છે. તેણે પૂછ્યું કે, ‘નિમિત્ત, સંબંધોમાંથી મળતી પીડા આગલા જન્મના ઋણાનુબંધને કારણે હોય છે કે પછી આ જન્મોના કર્મોનું પરિણામ ? ઈમોશનલ તકલીફો આપીને જિંદગી મને કોઈ પાઠ ભણાવી રહી છે કે પછી કોઈ સજા આપી રહી છે ?’

એને આપેલો જવાબ, મારે તમારી સાથે પણ શેર કરવો છે. એના આટલા બધા પ્રશ્નોનો, મારી પાસે ફક્ત એક જ જવાબ હતો.

મેં એને કહ્યું, ‘આપણો દરેક સંબંધ આપણને મળેલું એક સ્પીરીચ્યુઅલ એસાઈનમેન્ટ છે.’ પીરીયડ. આનાથી વધારે મને કશું જ ન સૂઝ્યું. પણ એને આ જવાબ કન્વીન્સીન્ગ અને સંતોષકારક લાગ્યો.

Let`s look at it this way. આપણા જીવનમાં પ્રવેશનારી દરેક વ્યક્તિ (સારી કે ખરાબ) આપણી આધ્યાત્મિક ઉન્નતિ માટેનો એક સિક્રેટ કોડ છે. આ યુનિવર્સ (ઈશ્વર, પરમાત્મા, શિવ કે આપણે એને જે નામથી ઓળખીએ) દ્વારા મોકલાયેલો એક સ્પેશીયલ દૂત કે સેવક છે, જે આપણા ચૈતન્યનું સમારકામ કરવા આવે છે.

શરીર કે મન ઉપર થનારો દરેક ઉઝરડો કે ઘસારો આપણને પોલીશ કરે છે. સંબંધોની પીડા કોઈ સજા કે પાઠ નથી, તે એક પ્રક્રિયા છે. It`s a process of spiritual evolution. ભૂતકાળના સંબંધોને કારણે આપણે ભોગવેલી માનસિક પીડા, આપણને એક નવા લોકમાં પ્રવેશ કરાવે છે. એ તબક્કે થોડા નવા લોકો, નવા સંબંધો કે નવી વ્યક્તિઓ આપણા જીવનમાં પ્રવેશે છે. જો એ લોકો સાથે આપણું સાયુજ્ય રચાય અને સ્થપાય, તો આપણી આધ્યાત્મિક સફર ત્યાં અટકી જાય છે. આપણા ચૈતન્યને વિકસવાનો ચાન્સ નથી મળતો.

પરંતુ જો એ ‘આધ્યાત્મિક સ્ટેશન’ પર રહેલા લોકોમાંથી કોઈ એક સંબંધ, ફરીથી આપણી અંદર કોઈ વમળ કે ઘટના સર્જે એટલે કે આપણને પ્રેરિત કરે અથવા તો આપણું હાર્ટ-બ્રેક કરે, તો ઓટોમેટિકલી આપણા આધ્યાત્મિક આરોહણની પ્રક્રિયાને વેગ મળે છે. અને આપણે ‘અવેરનેસ’ કે જાગૃતિનું વધુ એક પગથિયું ચડીએ છીએ.

જેણે પોતાની આધ્યાત્મિક સફર શરૂ જ નથી કરી એવા કોઈ જાનવરથી લઈને શિખર પર બેઠેલા કોઈ યોગી સુધી, હકીકતમાં આપણે દરેક પરમ-તત્વની ગતિ તરફના ‘મેચ્યોરેશન એરેસ્ટ’માં છીએ. જીવનમાં મળતી દરેક પીડા, દરેક તકલીફ, દરેક દુઃખ પાછળનો એક માત્ર આશય આપણને એ ‘અન-અવેરનેસ’ કે અજ્ઞાનતાની બેડીઓમાંથી છુટકારો અપાવવાનો હોય છે. આપણને શુદ્ધ અને દિવ્ય ‘યુનિવર્સલ કોન્શિયસનેસ’ (વૈશ્વિક ચેતના) તરફ લઈ જવાનો હોય છે. But we become so used to our suffering, that we never realize that.

પીડા આપતા સંબંધો કે ‘energy consuming` વ્યક્તિઓ સાથે આપણે એટલા બધા કમ્ફોર્ટેબલ થઈ ગયા હોઈએ છીએ, કે આપણે એ લગાવ જતો કરવા નથી ઈચ્છતા. સંજોગો કે સંબંધો આપણને આધ્યાત્મિક શિખર તરફ ધક્કો મારવાનો પૂરો પ્રયત્ન કરતા રહે છે અને તેમ છતાં આપણે ઉપર ચડવાની હિંમત નથી કરતા. નીચેનું પગથિયું છૂટી ગયું, એનો અફસોસ કર્યા કરીએ છીએ.

‘ફિઅર ઓફ અનનોન’ કે અજ્ઞાતના ભયને કારણે આપણી આસપાસ રહેલી જ્ઞાત અને પરિચિત પીડાઓ આપણે ભોગવ્યા કરીએ છીએ. ભવિષ્યમાં આપણા જીવનમાં કોઈ વધુ સારી વ્યક્તિ કે ચેતના પ્રવેશી શકે, આપણે એ શક્યતાને જ સ્વીકારવા તૈયાર નથી હોતા. અને માટે આપણે એકના એક સંબંધ કે પીડાને જીવ્યા કરીએ છીએ. એમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન જ નથી કરતા.

So as Rumi said, “keep breaking your heart until it opens`

આપણો દરેક સંબંધ, આપણા આધ્યાત્મિક શિખરના આરોહણમાં આવતો મુકામ છે. ત્યાં રોકાણ કરી શકાય, રહેઠાણ નહીં. ત્યાં વિરામ કરવાનો હોય, વસવાટ નહીં. એ મુકામ પાસેથી મળતા સ્મરણો લઈને આગળ વધવાનું હોય.

તોપ.. બોટમલાઈન તો એ જ રહેશે. આપણો દરેક સંબંધ એક આધ્યાત્મિક એસાઈનમેન્ટ છે. એક એવી ઈમોશનલ કસરત, જે ત્યાં સુધી ચાલુ રહેશે જ્યાં સુધી આત્મ-જ્ઞાનની ફિટનેસ નહીં આવે.

ડો. નિમિત્ત ઓઝા

## મુંબઈના યુવા ઉદ્યોગપતિ પંકજ કાંબલેની આત્મહત્યાથી તમામ લોકો આશ્ચર્યચકિત

મુંબઈ,તા.૧૧

મુંબઈના યુવા ઉદ્યોગપતિ પંકજ કાંબલેની આત્મહત્યાથી તમામ લોકો આશ્ચર્યચકિત છે. ઘટનાના ૨ દિવસ બાદ ઘણી વસ્તુઓ પ્રકાશમાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે પંકજે પ્રેમ સંબંધના કારણે આ પગલું ભર્યું છે. પંકજ કાંબલે ૩૧ વર્ષની ઉંમરમાં જ ૪ કંપનીના માલિક હતા. ઉપરાંત, ગિનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પંકજનું નામ પણ છે. સ્યુસાઇડ નોટમાં ખાતામાં ૧ કરોડ રૂપિયાની રકમનો પણ ઉલ્લેખ છે. નીલમ નામની યુવતીનો પણ ઉલ્લેખ છે. પોલીસ હવે સુસાઇડ નોટના આધારે વધુ તપાસ કરી રહી છે.ગિનીસ બુક રેકોર્ડ હોલ્ડર અને ચાર કંપની, એક એકેડમી સંચાલક પંકજ કાંબલે એ ઈન્દોરની એક મોટી હોટલમાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. મામલો ઈન્દોરના કાનડિયા પોલીસ સ્ટેશન વિસ્તારનો છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત NOG સાહિત્ય સરિતા - ૧ " સથવારો" વિષય અંતર્ગત ગ્રુપ મેમ્બરો ની આજે " પદ્ય " રચનાઓ...
આયોજક/સંચાલક/તંત્રી : પ્રદીપ રાવલ
વોટસ અપ કોલીગ નંબર : ૯૮૨૪૬૫૩૦૭૩
www.janfariyadnews.com

--------------------------------------

NOG SS No :- 010
પ્રકાર :પદ્ય
વિષય :- સથવારો

કઠિન રાહે ચાલી રહી એકલી શોધતી સાથ મળે,
સમયનું પૈડું ફરતાં જોઈને રાહ હવે થાકી છું શામળા.
જિંદગીના કોયડાઓથી છલોછલ ભરાઈ છે ઝોળી,
જિંદગીની સફરમાં તુજ સથવારે ઉકેલવી છે હોળી.
પડકારો ઝીલ્યા છે પ્રસાદ તારો માની જીવનભર,
મધદરિયે શોધું છું તણખલું હવે તરવા બાકી જિંદગી.
યાચના કરી માગું છું સધિયારો જીવનનૈયાને કિનારો,
એકાંતના અંધકારમાં મળે જો પ્રકાશપુંજનો સહારો .
ઈચ્છા છે વીતી જાય રાત ને પડે સવાર સથવારે ’શ્રી’,
’કૃપા’ કરો કૃપાનિધાન નિશાની ચાંદનીને સૂર્ય પ્રકાશ કર.
દીપ્તિ પટેલ’શ્રીકૃપા’ વડોદરા.

--------------------------------------

NOG SS No ;- 0011
ન્યુઝ ઓફ ગાંધીનગર
શબ્દ- સથવારો
શીર્ષક- સથવારો જોઈએ

સુખમાં ને દુઃખમાં તારો સથવારો જોઈએ,
જીવન સંગી બનવા એ જનમારો જોઈએ.
વટ જેનો છે દસ દસ ગામોમાં ને જગ એનું,
મરદોની બેઠકમાં નરનો હોંકારો જોઈએ.
મનથી જીતી શકશે એ ખ્યાલો કરતો હું,
જગમાં સિકંદર બનવા એ પડકારો જોઈએ.
કર્મોના સરવાળા ને ભૂલોથી સુધર્યો છું,
વિભુ વખાણે નભથી એવા ઉપકારો જોઈએ.
દરિયાદિલીની મોજો ચારે બાજુ ઉડતી રે,
સાહસમાં ધીરજથી મનનો વરતારો જોઈએ.
મનોજકુમાર પંચાલ ’મન’ પાલનપુર

--------------------------------------

NOG SS No. 60
પદ્ય વિભાગઃ અછાંદસ
શીર્ષક : સથવારો

જીવન બને મધુર, જો મળે સ્વજનોનો સથવારો,
પર્ણોને પણ ડોલવા જોઈએ પવનનો સથવારો !
ભાવ ભર્યા છે મનમાં અનેક, વ્યક્ત કરવા કેમ ?
તેમાં પણ જરૂરી જિહ્વાસાથે શબ્દોનો સથવારો !
ફરકે સ્મિત તો મન આનંદી ઉઠે,
તેને યે જરૂરી હોઠોનો મલકારાનો સથવારો!
આંખો કરે આંખોથી વાત, જાણે દુનિયા સારી,
પણ તેમાંય જોઈએ આંખોને ભાવનો સથવારો !
વિદ્વતા ને વિશ્વ નમે પણ વ્યક્ત કરવા,
તેને યે જરૂરી વાણીનો મધુરતાનો,
સથવારો !
અશ્રુઓ પણ આથડ્યા કરે મનની ભીતરમાં,
જો તેને વહેવા ન મળે નૈનોની પાપણમાંનો,
સથવારો !
વ્યક્ત કરે કે ન કરે પણ તો યે જરૂરી,
દરેક જીવને, હૂંફાળો સ્વજનોનો પ્રહરી સથવારો !
-ભગવતી પંચમતીયા ’રોશની’

--------------------------------------

NOG SS No. 0042
પદ્ય વિભાગ-અછાંદસ
શીર્ષક-સથવારો

સપના જો તારા મળે તો,
આંખ કદી ના ખોલું.
આંગણું જો તારું મળે તો,
ઉપવન કદી ના માંગુ.
નૈયા જો તારી મળે તો,
કિનારો કદી ના માંગુ.
ખુશ્બૂ જો તારી મળે તો,
ફૂલ કદી ના માંગુ.
સથવારો જો તારો મળે તો,
બીજું કશું ના માંગુ.
પૂજા(અલકા)કાનાણી. મીઠાપુર.

--------------------------------------

NOG SS No :- -0036
વિભાગ - પદ્ય
શીર્ષક -સથવારો

સથવારો
સ્નેહનાં સથવારે પરિવારનું વહાલ વધે,
"હું છું" તેવાં ભીતરી સાદનો ગુલાલ વધે.
રંગાયા, છલકાયા વળી ઉભરાયાં સથવારે,
જીવનનૌકામાં હૂંફની સુવાસે ખુશહાલ વધે.
ઊભા સમજણના તાંતણે ઉભયનાં સથવારે,
સાથ રહી હાથ પકડવાનો ખ્યાલ વધે.
લાગણી અરસપરસ છે, સંબંધોના સથવારે,
તોફાનો ટાળી, હૈયે હેત ધરી મિશાલ વધે.

અંતર બને તરબતર, હૂંફાળે સથવારે,
પ્રેમભાવથી જીવનની સાર્થક કમાલ વધે.
આત્મદીપ પ્રગટે અત્ર-તત્ર-સર્વત્ર સથવારે,
પ્રભુ, તારા અંતરના આશિષ સદાકાળ વધે.
અરુણાબેન ત્રિવેદી અમદાવાદ

--------------------------------------

NOG SS No :- - 006
વિભાગ - પદ્ય
શિર્ષક - સથવારો

સથવારે - સથવારે ચાલો,
સૌ - સૌના આધારે ચાલો.
એક દિવસ એકલડા જાવું,
હાલ તમે વિસ્તારે ચાલો.
ચાલ જુદીને વેશ જુદો છે,
એવા તે અંધારે ચલો.
કોણ નિહાળે સાચો ઈશ્વર?
મૂર્તિની અણસારે ચાલો.
વિધવાનું લઇ શ્વેત સમર્પણ,
સંસારી શણગારે ચાલો.
દિવ્યા એમ.પુરોહિત"બંસરી"

--------------------------------------

ન્યુઝ ઓફ ગાંધીનગર
સાહિત્ય સરિતા
NGO SS.No. 0023

હું સથવારો ના માંગું કોઈનો,
કેમ ટોકી શકે કોઈ લાલ માઈનો?
કાગડાના ઉડતાં પંખ જોઈને,
લોકોએ બનાવ્યો પર્વત રાઈનો.
શિખર ટોચે ચડાવી ધક્કો માર્યો,
હવે, ડર નથી મને ઊંડી ખાઈનો.
જમાનાની ઠોકરે, પત્થર બન્યો,
નથી રહ્યું હવે આ ફૂલ જુઈનું,

ગંદકી ફેલાવે વર્ચસ્વ વધારવા,
કોરોનાં ફેલાવે જેમ ખંધો ચાઈનો,
જ્વાળામુખી અંદર ભર્યો લાલ,
દબાયેલો છે જે ધરતી મંઈનો.
સત્ય ઈશ બિરાજે છે મુજ મહીં,
નમાવે શું નકલી સંત સાંઈનો?
દર્દો લખાય કેટલાં કાગળો પર,
ખડિયો ખૂટે છે હવે તો શાહીનો.
છાયા શાહ.. મુંબઈ.

--------------------------------------

NGO SS No :- 0050
વિભાગ - કવિતા
શીષેક - સથવારો પ્રેમનો.
............................

એક બોલ પર મારી
જિંદગી વારી દીધી...!
આજ મળ્યા જુગજુગનો,
સથવારો ઝંખતી..!
માગું છું બસ તારો જ પ્રેમ..!
સથવારે ને અમરત્વ આપીશ મને ..!
પ્રેમના તાંતણે સ્નેહના સથવારે..!
મનથી મનની વસંતમાં ટહૂકો પૂરજો...!
ઉદાસીની સાંજને, સૂરજના સથવારે...!
પ્રેમ પંથ પર મંઝીલનાં સથવારે..!
વહાલી આંખલડીમાં અજાણ્યાં થઈ વસ્યાને..!
તમ સથવારે સાતે કોઠે અજવાળવા આવ્યાં...!
અસીમ પ્રેમ કરવા જોવાને..!
ઝાંકળ જે રીતે ફૂલોમાં રાતવાસો કરે..!
તેમ હું તમારામાં રાતવાસો કરું..!
મનમોજી મૌસમને માણવા પ્રેમનો સથવારો...!
ભંવરાઓ ભૂલ્યાં ભાન ને અભિમાન ,
એમ હું આવી તમારે સથવારે આજ...!
ખુલી જાય કિસ્મતનાં તાળા તુજ સાનિધ્યમાં..!
દપેણ ની સામે જોઈને ,
પ્રતિબિંબ બનું તમારું....!
તમારી જ આંખોમાં તમારા જ સથવારે...!
અધરો પર દુવા બનીને ,
હોઠોં પર કવિતા ને ,
હાથમાં કલમ લઈ આંખોથી આંખો ના સથવારે...!
સાથ દેતી રહું.!
પ્રેમ કરો બાગમાં ગુલાબના સથવારે આવી...!
રૂડી તમારી જિંદગીમાં સાથ સથવારો દેવા આવી...!
રાગીની શુકલ "રાગ"(મુંબઈ ,કાંદિવલી.)







## કોરોનાની સામાજિક જીવન પર મોટી અસર

મને ખબર નથી પડતી કે મારે આ કઈ રીતે રજુ કરવું પણ મારી આસપાસ હું એવા કેટલાય લોકોને ‘અનુભવી’ રહ્યો છું, જેઓ સારવાર માટે પૈસા ખર્ચવા કરતા પીડા ભોગવવાનું પસંદ કરી રહ્યા છે. એનું એક માત્ર કારણ એ છે કે શારીરિક કરતા તેમની ‘આર્થિક પીડા’ અનેકગણી વધારે છે. એમના જ શબ્દોમાં કહું તો ‘દુખાવો મારે એકલાને જ સહન કરવો પડશે. પૈસાની તંગી આખા કુટુંબને.’ ધંધો નથી, રોજગાર નથી, નોકરીમાંથી છૂટો કરી દીધો, રીક્ષાનું ભાડુ નથી મળતું, જીમ-ઈન્સ્ટ્રક્ટર છું પણ જીમમાં કોઈ આવતું નથી, ભણાવું છું પણ ટ્યુશન ક્લાસીસ બંધ છે, આર્ટીસ્ટ છું પણ શોઝ બંધ છે, ડ્રાઈવર છું પણ વર્દી નથી મળતી, હીરા ઘસુ છું પણ મંદી છે. ‘નોટીસ વગર છૂટો કરી દીધો’થી માંડીને ‘છેલ્લા પાંચ મહિનાથી પગાર નથી થયો’ સુધીની અસંખ્ય ફરિયાદો હું રોજ સાંભળું છું. કદાચ તમે પણ સાંભળતા હશો. ફક્ત હેલ્થ-સેક્ટર જ નહીં, અત્યારે માનવતા પણ એના સૌથી ચેલેન્જીંગ તબક્કામાંથી પસાર થઈ રહી છે.

શારીરિક તકલીફો કરતા લોકોની સામાજિક તકલીફો અનેકગણી વધારે છે. કમનસીબી એ છે કે સામાજિક પીડા માટે કરુણા સિવાયના કોઈ પેઈન-કિલર્સ કામ નથી કરતા. અને આપણે ત્યાં એની ભયંકર તંગી છે. કદાચ આવતીકાલ સવારે કોરોનાની વેક્સીન આવી જશે પણ કરુણાની વાત ‘જીવિત અને મૃત’ ઉપરાંત કોરોનાએ આપણા ભાગલા અન્ય એક રીતે પણ કરી નાખ્યા છે. ‘કમાઈ રહેલા’ અને બેરોજગાર. જેમની પાસે ‘stable source of income` કે તગડું સેવિંગ્સ છે, તેઓ લોકડાઉન,કરફ્યુ કે quarantine માં કુટુંબ સાથેનો ‘ક્વોલિટી ટાઈમ’ પસાર કરી રહ્યા છે. નેટફલીક્સ પર વેબ-સીરીઝ જોઈ રહ્યા છે, વોટ્સ-એપ પર મેસેજીઝ ફોરવર્ડ કરી રહ્યા છે, ફેસબુક પર પોસ્ટ અપલોડ કરી રહ્યા છે. તેમની માટે માસ્ક, સેનીટાઈઝર અને સોશિયલ ડીસ્ટન્સીગ સિવાયના અન્ય કોઈ પડકારો નથી. આપણે બધા આ પહેલી કેટેગરીમાં આવીએ છીએ. બીજી કેટેગરીમાં એવા લોકો છે જેમને કોરોનાથી બચી જવાનો ડર લાગે છે. આઈ રીપીટ, કોરોનાથી બચી જવાનો ડર લાગે છે. કારણકે કોરોનાથી અનેકગણા મોટા પ્રશ્નો અને પડકારો રોજ રાતે, ઘરે તેમની રાહ જોઈ રહ્યા હોય છે. એક જુનું ફાટી ગયેલું અને મેલું થઈ ગયેલું માસ્ક પહેરીને તેઓ સવારથી સાંજ કામની શોધમાં ભટકતા રહે છે. તેઓ ધંધા બદલે છે, લારીઓ બદલે છે, રસ્તાઓ બદલે છે. મકાન, શહેરો અને ચહેરાઓ બદલે છે પણ એમની લાચારી સિવાયનું કશું જ બદલાતું નથી. કુટુંબ કે માથા-દીઠ ફક્ત ૧૯૯ રૂપિયા ખર્ચીને જો આપણે નેટફલીક્સને સદ્ધર કરી શકતા હોઈએ, તો વંચિત રહી ગયેલા આપણા સાથી મનુષ્યોને કેમ નહી ? એમની મદદ કરવા માટે કોઈ રોકેટ સાયન્સની જરૂર નથી. આપણી સૂક્ષ્મ કાળજી જ પર્યાપ્ત છે.

- એક એમ્પ્લોયર તરીકે એટલી નૈતિકતા રાખીએ કે કામ અથવા ઉત્પાદનની અછતનો ભોગ કર્મચારીઓ ન બને. પ્રોફિટ માર્જીન નેરો થઈ જવા કે નફો ન મળવાની ઘટનાને ક્યારેક આપણે ખોટ કે નુકશાન ગણાવતા હોઈએ છીએ. આપણે જેને આર્થિક ખોટ ગણતા હોઈએ, એ કોઈનું ગુજરાન પણ હોય શકે છે.

- માળી, દૂધવાળા, કામવાળા કે લોન્ડ્રીવાળાની સેવાઓ પૂર્વવત શરૂ રાખીએ. આપણી સુરક્ષા કે અન્ય કોઈ કારણસર એમને રજા આપવી પડે, તો નિયમિતપણે એમનો પગાર કરતા રહીએ.

કેટલાય એવા લોકો છે જેઓ પહેલી તારીખ સુધી નથી પહોંચતા. તેમનું આખું જીવન ‘ઉપાડ’ અને ‘ઉધાર’માં જ પૂરું થઈ જાય છે. એમને જ્યારે જરૂર હોય ત્યારે ‘એડવાન્સ’ આપીએ.

- ડિજીટલ ન્યુઝપેપર ભલે વાચીએ, પણ રોજ સવારે આપણા ઘરે એટલીસ્ટ એક છાપું તો આવવું જ જોઈએ. આપણા ઘરે બંધાવેલું એક છાપું કે દૂધ કેટલા લોકોને રોજગાર આપી શકે છે ? એની આપણને કલ્પના જ નથી.

- સગવડતા ખાતર ઓનલાઈન ખરીદી ભલે કરીએ પણ નાના ફેરિયાઓ, લારી-ગલ્લાવાળાઓ કે ‘નાનો ધંધો’ લઈને બેઠેલા લોકોને થોડું રળાવી આપીએ. એમની સાથે બિલકુલ બાર્ગેઈનીગ ન કરીએ. દસ કે વીસ રૂપિયા ઓછા કરાવવા, એ આપણા માટે ક્યારેક પ્રેસ્ટીજ ઈશ્યુ હોય છે અને એમને માટે પ્રોફિટ માર્જીન. ભલે છેતરાઈએ, પણ એમને થોડું કમાવવા દઈએ. ક્યારેક આપણે કરાવેલી બોણી જ, એમના દિવસની એકમાત્ર આવક હોય છે. - જો શક્ય હોય, તો એટલીસ્ટ એક વ્યક્તિને રોજગાર આપીએ. એમને કામે રાખી લઈએ. બગીચાની લોન કાપવાથી માંડીને ગાડી સાફ કરવા સુધી, ફળિયું વાળવાથી લઈને ગ્રોસરી લાવી આપવા સુધી, અત્યારે લોકો કાંઈ પણ કામ કરવા તૈયાર છે. ઓછા પગારમાં પણ કામ કરવા તૈયાર છે. બસ, એમને કામ મળવું જોઈએ. આ સિવાય પણ આવા અસંખ્ય રસ્તાઓ છે, જેના દ્વારા આપણે તેમની મદદ કરી શકીએ છીએ. આ દાન નથી, ઉદારતા છે. ભીખ નથી, સહાય છે. દયા નથી, સહાનુભૂતિ છે. કોઈની ખુમારીને ઠેસ પહોંચાડ્યા વગર તેમની મહેનત અને ધગશને પ્રોત્સાહન આપી તેમનું દુઃખ અને તકલીફો દૂર કરવાનો એક નાનો એવો પ્રયત્ન છે.

- કેટલીક વસ્તુઓ આપવાથી નથી ખૂટતી, સંગ્રહ કરવાથી ખૂટી જતી હોય છે.

કોને ખબર, કોણ કોને પગાર આપે છે ? કોણ કોના સેવક છે ? ‘લેનાર’ લોકોની દુવાઓ કે આશીર્વાદની વરાળમાંથી જ્યારે વાદળો બંધાય છે, ત્યારે ‘આપનાર’ના ઘર પર બારે મેઘ ખાંગા થાય છે. જેમ આપણે કોઈને પગાર આપીએ છીએ, એમ આપણો ‘પગાર’ પણ કોઈક તો કરતું જ હશે ને ! ભલે એ દેખાતો ન હોય, પણ આપણો બોસ આપણા કામથી ખુશ રહેવો જોઈએ.

મીનેષભાઈ વ્યાસ(INSURANCE ADVISOR- LIC OF INDIA) બોપલ અમદાવાદ

## ખેડૂત આંદોલનઃ સિંઘુ બોર્ડર તૈનાત ૨ આઈપીએસ ઓફિસર કોરોનાથી સંક્રમિત

)ન્યુ દિલ્હી,તા.૧૧

દિલ્હી બોર્ડર પર ચાલી રહેલા ખેડૂત આંદોલનને આજે ૧૬મો દિવસ છે. ખેડૂતો નવા કૃષિ કાયદાને પરત લેવાની માંગ પર મક્કમ છે. પંજાબ સહિત અનેક રાજ્યોના સેંકડો ખેડૂતો સિંઘુ, ટિકરી, ચિલ્લા અને ગાજીપુર સરહદ પર એકઠા થયા છે અને પ્રદર્શન કરી રહ્યાં છે. ખેડૂત આંદોલનને પગલે દિલ્હી પોલીસનો કાફલો પણ બોર્ડર પર ખડકી દેવામાં આવ્યો છે. હવે પ્રાપ્ત માહિતી અનુસાર, સિંઘુ બોર્ડર પર ફરજ બજાવી રહેલા બે આઈપીએસ ઓફિસર કોરોના વાઈરસથી સંક્રમિત મળી આવ્યાં છે.

હાલ બન્ને પોલીસ અધિકારીઓની સારવાર ચાલી રહી છે. અગાઉ એવા સમાચાર મળ્યા હતા કે, ખેડૂત આંદોલનમાં સામેલ અનેક ખેડૂતોને તાવ હતો. જે બાદ સોનીપત ડીએમ શ્યામલાલ પુનિયાએ ખેડૂતોને કોરોના ટેસ્ટ કરાવવાનો આદેશ આપ્યો હતો. તેમણે સ્વાસ્થ્ય વિભાગના અધિકારીઓને આદેશ આપ્યો હતો કે, તેઓ ધરણાં કરી રહેલા એવા ખેડૂતોની યાદી બનાવે, જેમને તાવ છે. આવા ખેડૂતોની મફતમાં કોરોના ટેસ્ટ કરવામાં આવશે. જો કોઈ ખેડૂત કોરોનાથી સંક્રમિત મળી આવશે, તો તેની યોગ્ય સારવાર કરવામાં આવશે.

## ખેડૂત આંદોલનઃ હરિયાણામાં બીજેપી પર સંકટ, ડેપ્યુટી સીએમએ કહ્યું- હું રાજીનામું આપી દઈશ

ચંડીગઢ,તા.૧૧

ગયા વર્ષે ૨૦૧૯ના ઓક્ટોબર મહિનામાં હરિયાણાના રાજકીય વાતાવરણમાં ગરમાવો હતો. તેનું એકમાત્ર કારણ વિધાનસભા ચૂંટણી બાદ એકપણ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નહોતી. એવામાં કિંગમેકર બનીને ઉભરેલ જનનાયક જનતા પાર્ટી એ ભાજપને સમર્થન આપીને રાજ્યમાં મનોહરલાલ ખટ્ટરને ફરીથી ખુરશી પર બેસાડી દીધા. હવે એક વર્ષથી વધુ સમય પસાર થયા બાદ ફરીથી રાજકારણમાં નાટકીય વળાંક આવતો દેખાઈ રહ્યો છે.

કિસાન આંદોલનને લઈ હરિયાણામાં રાજકીય ઉલટફેરની સ્થિતિ બનતી દેખાઈ રહી છે. ભાજપના સહયોગી દુષ્યંત ચૌટાલાની જનનાયક જનતા પાર્ટીમાં પણ કૃષિ કાયદાને લઈ હરિયાણામાં સરકારથી અલગ થવાની માંગણી તેજ થવા લાગી છે. મીડિયા રિપોર્ટસના મતે ડેપ્યુટી સીએમ દુષ્યંત ચૌટાલાએ તાજેતરમાં જ આ મુદ્દા પર ધારાસભ્યોની સાથે બેઠક કરી. દુષ્યંત ચૌટાલાએ સરકારમાંથી રાજીનામું આપવાની વાત પણ કરી.



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ની ભાવનગર શહેર કો-ઓર્ડિનેશન કમિટી સાથે સંગઠનાત્મક અને આવનાર મહાનગરપાલિકાની ચૂંટણીની રણનીતિ અંગે પ્રભારી શ્રી રાજીવ સાતવ જી, પ્રદેશ અધ્યક્ષ શ્રી અમિતભાઈ ચાવડા, AICC સોશિયલ મીડીયા ચેરમેન શ્રી રોહન ગુપ્તા ની ઉપસ્થિતિમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે બેઠક માં હાજરી આપતા શહેર પ્રમુખ શ્રી પ્રકાશભાઈ વાઘાણી, વિપક્ષનેતા શ્રી જયદીપસિંહ ગોહીલ, મહિલા પ્રમુખ પારુલબેન ત્રિવેદી, માયનોરિટી ડિપાર્ટમેન્ટ ચેરમેન અનવરખાન પઠાણ અને ઓ બી સી ડિપાર્ટમેન્ટ ચેરમેન હીમતભાઈ મેણીયા

ફોટો સ્ટોરી કુશલ ભાઈ ભટ્ટ



સ્નેહી પત્રકાર પોઝિટિવ સ્ટોરીના લેખક રમેશભાઈ તન્ના લિખિત સમાજની સંવેદના પુસ્તકમાં ગુજરાત ભરથી ૭૦ સમાજ નાયકો જેમાં રાધે-રાધે પરીવાર ગ્રુપ ગાંધીનગર ને સ્થાન આપવામાં આવ્યું છે. તે બદલ આજ રોજ કચ્છ ની કોયલ તથા રબારી સમાજનું ઘરેણું તરીકે સુપ્રસિદ્ધ એવા ગીતાબેન રબારી કે જેઓ ગુજરાતભરમાં ડાયરો, સંતવાણી, લોકગીત માટે સુપ્રસિદ્ધ છે. જેમને સમાજની સંવેદના પુસ્તક ભેટ સ્વરૂપે આપવામાં આવ્યું સાથે સાથે તેમના નિવાસસ્થાને (કચ્છ) માં તેમની સાથે અને એમના પરીવાર સાથે શુભેચ્છા મુલાકાત થઈ.

# ડોક્ટરોની હડતાળ: ગુજરાતના ૨૮ હજારથી વધુ ખાનગી ડોક્ટરો હડતાળમાં જોડાયા

અમદાવાદ,તા.૧૧

રાજયભરમાં આજે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા હડતાલ કરવામાં આવી છે. રાષ્ટ્રીય સ્તરે થઈ રહેલા વિરોધ પ્રદર્શનના અનુસંધાનમાં રાજ્યના તબીબો પણ જોડાયા છે. રાજ્યના તબીબો દ્વારા મેડિકલ ક્ષેત્રે કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણયનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા આજે રાજયવ્યાપી હડતાલ પાળવામાં આવી છે. આ હડતાલમાં ૨૮૦૦૦ તબીબો જોડાયા. રાજ્યના તમામ શહેરોમાં તબીબો દ્વારા પોતાની ઓપીડી બંધ રાખી અને એક દિવસ પૂરતો વિરોધ કરવામાં આવ્યો. જોકે, ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા આ હડતાલમાં પણ ઈમર્જન્સી સારવાર અને કોવીડ-૧૯ના દર્દીઓને સારવાર આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આમ તબીબો પોતાની માનવતા ચુક્યા નથી.




આયુર્વેદિક ડોક્ટરોને ૫૮ જેટલી સર્જરીની મંજુરીના વિરોધમાં સુરત આઈએમએ સાથે જોડાયેલા તબીબો શુક્રવારે ઈમરજન્સી સિવાયના ઓપીડીના કામકાજથી દૂર રહ્યા છે. આજે સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી ઈમરજન્સી અને કોરોના વાયરસની સારવાર સિવાયની કામગીરી બંધ રાખીને ૩૫૦૦ જેટલા તબીબો દ્વારા વિરોધ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

આયુર્વેદિક મેડિસીનની પ્રેક્ટિસ કરતા એમ.ડી. ડોક્ટરોને ૫૮ જેટલી સર્જરીની કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. તેમાં આયુર્વેદના ડોક્ટરો જનરલ અને ઓર્થોપેડિક સર્જરીની સાથે આંખ, કાન, નાક, ગળુ અને દાંતની પણ સર્જરી કરી શકશે. કેન્દ્ર સરકારના આ જાહેરનામાનો વિરોધ કરવા સુરતના ઈન્ડિયન મેડિકલ એસોસિએશન સાથે જોડાયેલા તબીબો શુક્રવારે સવારે ૬ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા દરમિયાન પોતાના રૂટિન કાર્યથી દૂર રહેશે.તેમજ આ દરમિયાન તમામ ઈમરજન્સી સેવાઓ, કોવિડને લગતી સેવાઓ ચાલુ રાખવામાં આવશે. રાજકોટ શહેરના ૧૮૦૦ જેટલા તબીબો જોડાયા એક દિવસની હડતાલમાં. સવારે ૬ થી સાંજના ૬ વાગ્યા સુધી તમામ તબીબો રહેશે હડતાલ પર કેન્દ્ર સરકાર દ્વારા આયુર્વેદિક તબીબોને ઓપરેશન માટે છૂટ આપવામાં આવતા હડતાલ કરવામાં આવી. ઈમરજન્સી અને કોવિડ સિવાયની તમામ તબીબી સેવાથી રહેશે તબીબો અડગ. સરકારના આ નિર્ણય થી એલોપેથી અને આયુર્વેદ બન્નેને નુકશાન થશે

# કાંકરેજ: રાણકપુર અંબિકા ઈન્ડસ્ટ્રીઝ જિનિંગ માંથી વેસ્ટ રૂ:ના ફોદા ઉડતા હોવાથી બાજુમાં રહેતા ખેડૂત પરેશાન

બનાસકાંઠા કાંકરેજ નેશનલ હાઈવે નંબર ૨૭ ઉપર રાણકપુર થરા વચ્ચે આવેલ અંબિકા ઈન્ડસ્ટ્રીઝ જિનિંગ મિલમાં વેસ્ટ રૂ:ના ફોદા ઉડી બાજુમાં રહેતા ખેડૂત અમરતજી ઠાકોર ના ખેતરમાં તેમજ ઘરમાં ઉડી ને આવતા હોવાથી ખેડૂત મીડિયા સમક્ષ જણાવી રહ્યા છે કે અમને ખાવાપીવામાં તેમજ ઢોર ઢાંકણ નાના બાળકો ને મોઢામાં નાકમાં કાનમાં આંખમાં રૂ:ના ફોટા ઉડીને આવતા હોવાથી નાના મોટા લોકો બીમાર થઈ રહ્યાં છે વાવેતરમાં પણ ઘટાડો થવા લાગ્યો છે જીનિંગ મિલનો માલિક મશીનો દ્વારા પાપડી તેમજ રૂ:ના ભડા તૈયાર કરતા હોવાથી વેસ્ટ ખરાબ રૂ:ના ફોદા ખેતર માલિકના ખેતરમાં




ઉડીને જતા હોવાથી ખેડૂતની આવકમાં ઘટાડો થવા લાગ્યો છે અને બીમારીમાં વધારો થવા લાગ્યો છે જેથી આ ખેડૂત ભયંકર પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે આ વિશે જિનિંગ મિલના માલિકને વારંવાર રજૂઆત કરી હોવા છતાં કોઈ ધ્યાન ઉપર લેતા નથી ત્યારે ખેડૂત ની એકજ માંગ સે જે મિલમાંથી રૂ:ના.. ફોદાં ઉડીને એના ઘર તેમજ ખેતર વિસ્તારમાં આવે છે એ જિનિંગ મીલ માલિક બંધ કરાવે એવી માંગ કરી રહ્યા છે,, આજે ખેડૂત મીડિયા સમક્ષ જિનિંગ મિલ વિશેની વેદના ઠાલવી રોષ ઠાલવ્યો હતો...

# મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ બાદ હવે નીતિન પટેલ પણ પેજ પ્રમુખ બન્યા

ગાંધીનગર,તા.૧૧

મુખ્યમંત્રી વિજય રૂપાણી અને ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના પગલે હવે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પણ પેજ પ્રમુખ બન્યા છે. નીતિન પટેલ કડી શહેરના બૂથ નંબર ૧૨૧ના પંજ નબર ૩૯નાં પેજ પ્રમુખ બન્યા છે. તમામ મતદારોમાંથી પાંચ સદસ્યને સમાવિષ્ટ કરી પેજ કમિટીની રચના પૂર્ણ કરી ભારતીય જનતા પાર્ટીના શહેર અધ્યક્ષ અરવિંદભાઈ પટેલને યાદી સુપરત કરાઈ હતી. ત્યારે પેજ પ્રમુખ બન્યા બાદ ભાજપના તમામ કાર્યકરોને પેજ કમિટીની રચના વહેલી તકે પૂર્ણ કરીને કાર્યકર તરીકેને ફરજ બજાવવા નીતિન પટેલે અપીલ કરી છે.

હવે ભાજપમાં દિગ્ગજ નેતાઓ પેજ પ્રમુખ બનીને મોટી ભૂમિકા ભજવી રહ્યાં છે. પ્રદેશ પ્રમુખ, મુખ્યમંત્રી બાદ હવે નાયબ મુખ્યમંત્રી પણ પેજ પ્રમુખ બન્યા છે. તાજેતરમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સીઆર. પાટીલે આ વિશે આહવાન કર્યું હતું. ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ દ્વારા અગાઉ જાહેર સભામાં કહેવામાં આવ્યું હતું કે, જેને પણ વિધાનસભાની ટિકિટ જોઈતી હોય તેઓએ પહેલાં પોતાનું પેજ મજબૂત કરવું પડશે. કામ કરશે એને જ ટિકિટ મળશે તેવી ટકોર પણ તેઓએ કરી હતી.

## એએમસીનો મહત્વપૂર્ણ નિર્ણય

# ખાનગી કોવિડ ડેજીગ્નેટેડ હોસ્પિટલનો ચાર્જ ઘટાડાયો

અમદાવાદ,તા.૧૧

ગુજરાત સરકારે કોરોનામાં આરટી-પીસીઆર ટેસ્ટની કિંમત ઘટાડ્યા બાદ હવે લાંબા સમયથી ખાનગી કોવિડ ડેજીગ્નેટેડ હોસ્પિટલનો ચાર્જ ઘટાડવાની માંગ ઉઠી હતી. જેથી આજે એએમસી દ્વારા આજે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. એએમસી દ્વારા આજે લીધેલા નિર્ણય પ્રમાણે ખાનગી કોવિડ ડેજીગ્નેટેડ હોસ્પિટલનો ચાર્જ ઘટાડવામાં આવ્યો છે. એચડીયુનો એક દિવસનો ચાર્જ રૂપિયા ૯૦૦૦ માંથી રૂપિયા ૮૧૦૦ કરાયો છે, જ્યારે આઈસીયુ નોન વેન્ટિલેટરનો ચાર્જ રૂપિયા ૧૮૦૫૦ માંથી રૂપિયા ૧૬૫૦૦ કરાયો છે, જ્યારે વેન્ટિલેટર માટેનો ચાર્જ રૂપિયા ૨૧૮૫૦ માંથી રૂપિયા ૧૯૬૦૦ કરવામાં આવ્યો છે.

તમામ કોવિડ ડેજીગ્નેટેડ હોસ્પિટલમાં આજથી આ ચાર્જ લાગુ પડશે. એએમસીએ કોરોના સારવારના દર ઘટાડ્યા હોવાથી સામાન્ય લોકોને મોટી રાહત મળી છે. એએમસીના નિર્ણય પ્રમાણે વેન્ટીલેટર




સાથે આઈસીયુનો સુધારેલો દર રૂ.૧૯,૬૦૦ છે, જ્યારે વેન્ટીલેટર વગરના આઈસીયુનો નવો દર રૂ.૧૬,૨૦૦ છે. વોર્ડનો નવો દર રૂ. ૮,૧૦૦, એચડીયુમાં રૂ.૧૧,૩૦૦ નક્કી કરવામાં આવ્યો છે. એએમસીનો આ નિર્ણય આવતીકાલે સવારે ૮ વાગ્યાથી નવા દર અમલી બનશે.

ખાનગી હોસ્પિટલો દ્વારા દર્દીઓ પાસેથી ઉઘાડી લૂંટ કરવામાં આવતી ફરિયાદો સતત વધી રહી હતી, જેને ધ્યાન લઈને એએમસી દ્વારા કોવિડ પોઝિટિવ દર્દીઓની સારવારના ખર્ચમાં ઘટાડો કરવાનો નિર્ણય કરાયો છે. જેનો અમલ આવતી કાલ તારીખ ૧૨/૧૨/૨૦૨૦થી શરૂ થશે. ખાનગી હોસ્પિટલોમાં અગાઉ વોર્ડનો ખર્ચ રૂ.૯૦૦૦ હતો જેને ઘટાડીને હવે રૂ.૭૨૦૦ કરવામાં આવ્યો છે, જ્યારે એચ.ડી.યુનો ખર્ચો રૂ.૧૨૬૦૦ હતો જેને ઘટાડી હવે રૂ.૧૦૦૦૦ કરી દેવામાં આવ્યો છે. સાથે જ વેન્ટીલેન્ટર વગરના આઈ.સી.યુનો ચાર્જ પણ હવે ૧૮,૦૫૦ની જગ્યાએ રૂ.૧૪,૪૦૦ જ આપવાનો રહેશે. અને વેન્ટીલેટર સાથેના આઈ.સી.યુ.નો ચાર્જ રૂ. ૨૧૮૫૦ની જગ્યાએ રૂ.૧૭૫૦૦ ચુકવવાનો રહેશે.

# કાંકરેજ તાલુકામાં જિલ્લા ખરીદ વેચાણ સંઘની ચૂંટણીમાં બે ઉમેદવારી પત્ર ભરાયાં

બનાસકાંઠા જિલ્લા સહકારી ખરીદ- વેચાણ સંઘ લી. પાલનપુરની વ્યવસ્થાપક સમિતિ ના ડીરેક્ટરોની ચૂંટણી આગામી તા. ૨૮/૧૨/૨૦૨૦ના યોજાનાર છે ત્યારે ઉમેદવારીપત્ર ભરવાનું શરૂ થતાં ગઈકાલે બનાસકાંઠા કાંકરેજ તાલુકામાંથી સહકારી આગેવાન ઈશ્વરભાઈ અણદાભાઈ પટેલ પ્રમુખ તાલુકા ભાજપે પોતાના બે ઉમેદવારી પત્ર રજુ કરેલ જેમાં પહેલા ઉમેદવારી પત્રમાં જિલ્લા સહકારી આગેવાન ભાજપ મહામંત્રી ડાયાભાઈ પિલીયાતરે દરખાસ્ત રજૂ કરેલ જેને અમીભાઈ દેસાઈ એ ટેકો જાહેર કરેલ જયારે બીજું ઉમેદવારી પત્રમાં જિલ્લા સહકારી આગેવાન, ચેરમેન



માર્કેટ યાર્ડ થરા અણદાભાઈ પટેલે દરખાસ્ત રજૂ કરેલ જેને ઈશ્વરભાઈ ખટાણાએ ટેકો જાહેર કરેલ બંન્ને ઉમેદવારી પત્ર કાંકરેજ મામલતદાર શ્રીમતી મંજુલાબેન ટી. રાજપૂત ને ઈશુભા વાઘેલા, કરશનભાઈ પટેલ, રામજીભાઈ નાંગોહ તથા સહકારી આગેવાનોની હાજરી માં સુપ્રત કર્યું હતું. ઈશ્વરભાઈ પટેલ સહકાર ક્ષેત્રમાં સારી લોકો ચાહના ધરાવે છે. (રિપોર્ટર:- કનુજી ઠાકોર બનાસકાંઠા)

# માસ્ક વગર ફરતા લોકોને હવે ઝાડુ મારવુ પડશે-બેનર પકડીને ઉભા રહેવુ પડશે

ગાંધીનગર,તા.૧૧


કોરોના સંક્રમણને રોકવા માટે રાજય સરકાર દ્વારા હવે સજાની વિચારણા થઈ રહી છે. રાજયમાં માસ્ક વગર ફરતા લોકોને ૧ હજાર રૂપિયાના દંડની જોગવાઈ છે. તેમ છતા પણ અનેક લોકો માસ્ક વગર જ ફરતા જોવા મળે છે અને કોરોનાને આમંત્રણ આપી રહ્યા છે. રાજ્ય સરકાર હવે માસ્ક વગર ફરતા લોકો માટે અનોખી સજાની વિચારણા કરી રહી છે.

માસ્ક વગર ઝડપાયા તો ૧ હજારના દંડ ઉપરાંત આખો દિવસ 'માસ્ક જરૂર પહેરો'ના બેનર લઈને જાહેર રસ્તા તેમજ જાહેર સ્થળો પર ઉભા રહેવુ પડી શકે છે. જો એક જ વ્યક્તિ બીજી વખત માસ્ક વગર ઝડપાયો તો તેણે જાહેર સ્થળે સાફ સફાઈની કામગીરી કરવી પડી શકે છે.

ગુજરાત સરકારને હાઈકોર્ટે માસ્ક ના પહેરનારા લોકોને કોવિડ કેર સેન્ટરમાં કોરોનાના દર્દીઓની સેવા કરવાના સજા કરવાનો હુકમ કર્યો હતો. જોકે, સુપ્રીમ કોર્ટે સરકાર પાસે લોકો માસ્ક ફરજિયાત પહેરતા થાય તે માટેના અસરકારક ઉપાયો માંગ્યા હતા. માસ્ક ના પહેરનારા લોકોને કરી શકાય તેવી હળવી સજાની જોગવાઈઓની યાદી આરોગ્ય વિભાગે તૈયાર કરી છે.

## શટર બંધ રહેતા ગ્રાહકો મૂંઝવણમાં મુકાયા

# ભિલોડા : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મેઈન શાખાનું ભારત બંધને સમર્થન...!!



અરવલ્લી બ્યુરો મોડાસા

કૃષી કાયદાનો વિરોધ કરી રહેલા ખેડૂતોએ મંગળવારે બંધનું એલાન આપતા મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે મુખ્ય મંત્રી વીજય રૂપાણીએ પણ ગુજરાત બંધ નહિ રહેની જાહેરાત કરી હતી ત્યારે અરવલ્લી જીલ્લાના ભિલોડા શહેરમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખાનું શટર બંધ રહેતા ગ્રાહકો મૂંઝવણમાં મુકાયા હતા બેંક બંધ રહેતા ગ્રાહકો વીલા મોઢે પરત ફર્યા હતા ત્યારે જાગૃત ગ્રાહકે આ અંગે મીડિયાનો સંપર્ક સાધતા પત્રકારો પહોંચતા જ બેંક મેનેજરે બેંકનું કામકાજ ચાલુ હોવાનો લુલો બચાવ કરી બેંકનું કામકાજ પૂર્વરત કરાયુ હતું ભિલોડા નગરના હરીશ કોમ્પ્લેક્ષમાં કાર્યરત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બેંકના શટર બેંકિંગ અવર્સમાં બંધ રહેતા બેંકમાં નાણાકીય લેવડ દેવડ અને બેંકની કામગીરી માટે આવેલા ગ્રાહકો મૂંઝવણમાં મુકાયા હતા બેંકમાં આવતા ગ્રાહકોને પણ બહાર થી જ નનૈયો ભણવામાં આવતો હોવાથી ગ્રાહકો પણ પરત ફરી રહ્યા હતા ત્યારે બેંકના જાગૃત નાગરિક સ્ટેટ બેંકમાં પાસબુક ભરાવવા પહોંચતા બેંકના શટર બંધ જોઈ ચોકી ઉઠ્યો હતો અને આ અંગે મીડિયાનો સંપર્ક કરતાં મીડિયા સ્ટેટ બેંકની શાખામાં પહોંચતા બેંકના મેનેજર સહીત સ્ટાફ બચાવની મુદ્રામાં આવી ગયો હતો અને બેંકનું કામકાજ ચાલુ હોવાનું રટણ કર્યું હતું ત્યારે ભિલોડામાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પણ બંધમાં જોડાઈ હોવાની ચર્ચા ચાલી હતી

# રાજ્યમાં આગામી ૪૮ કલાક ભારે: વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના વરસાદની સંભાવના

ગાંધીનગર,તા.૧૧

હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી દિવસોમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં વાતાવરણમાં પલટો આવી શકે છે. જેના પગલે આગામી ૧૨થી ૧૩મી ડિસેમ્બરના રોજ છૂટો-છવાયો વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આ દિવસો દરમિયાન સોમનાથ, સુરત, ભાવનગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, આણંદમાં છૂટો છવાયો વરસાદ પડી શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજયના અમુક વિસ્તારોમાં વરસાદ પડશે તેવી આગાહી હવામાન વિભાગ તરફથી આપવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે ગુજરાતમાં વરસાદી માહોલ બન્યો છે. જેના કારણે સૌરાષ્ટ્ર, ઉત્તર, દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. આવતીકાલે (૧૨મી ડિસેમ્બર ૨૦૨૦) દક્ષિણ ગુજરાતમાં વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના મતે આગામી ૪૮ કલાક બાદ ૪ ડિગ્રી તાપમાન ઘટશે. બીજી બાજુ અમદાવાદમાં આજે સામાન્ય વરસાદ અને આવતી કાલે વાદળછાયું વાતાવરણ રહેશે. હવામાન વિભાગ અમદાવાદના ડાયરેક્ટર ડૉક્ટર જયંત સરકાર જણાવ્યું હતું કે, ૧૧મી તારીખે એટકે કે પ્રથમ દિવસે ગીર-સોમનાથ જિલ્લામાં હળવો વરસાદ પડી શકે છે.

બીજા દિવસે એટલે કે ૧૨ તારીખના રોજ દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લામાં થોડો વરસાદ પડવાની સંભાવના રહેલી છે. ૧૩મી તારીખના રોજ ભાવનગર, દાહોદ, પંચમહાલ, આણંદ અને વડોદરા જિલ્લામાં છૂટો છવાયો વરસાદ પડી શકે છે. ગુજરાતમાં રવિવાર સુધી એમ ત્રણ દિવસ વરસાદની હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજયના કેટલાક ભાગોમાં આજે વરસાદ પડ્યો છે. આજે સુરતના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો છે. આજે વહેલી સવારથી જ અમદાવાદમાં ભર શિયાળે ચોમાસાનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાનના પલટાની અસર અમદાવાદમાં પણ વર્તાઈ છે અને સવારથી અનેક વિસ્તારોમાં એકાએક કમોસમી વરસાદ પડ્યો હતો. વહેલી સવારે અમદાવાદમાં વરસાદ પડતા વહેલી સવારે દોડવા જતા લોકોને પારાવાર મુશ્કેલીઓ પડી હતી. આજે વહેલી સવારે અમદાવાદના ઘાટલોડિયા, ચાંદલોડિયા, ગુરુકૂળ, સેટેલાઈટ, એસજી હાઈવે, ગાંધીનગર, સરસપુર સહિતના અનેક વિસ્તારોમાં સવારે ૪ વાગ્યાથી એકાએક વાતાવરણ પલટાયું હતું અને ત્યારબાદ ધીમેધારે કમોસમી વરસાદ ખાબક્યો હતો. આ સિવાય વહેલી સવારે અમદાવાદના વેજલપુર, થલતેજ. એસ.જી. હાઈવે, સીટીએમ, જમાલપુર, કાંકરિયા વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. બીજીબાજુ રાજયના જૂનાગઢ, ભાવનગર, સુરત, વડોદરા જેવા વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયો હતો.

હવામાન વિભાગે ત્રણ દિવસ સુધી વરસાદની આગાહી કરી છે અને ૧૨ ડિસેમ્બર સુધી દક્ષિણ ગુજરાતના ભાગો, સૌરાષ્ટ્રના કિનારાના ભાગો, મધ્ય ગુજરાતના ભાગોમાં વરસાદ પડવાની આગાહી કરી છે. સાથે ઠંડી પણ ઘટવાની શક્યતા છે. અરબ સાગરમાં ચક્રવાતની અસરથી આ માવઠું થવાની શક્યતા છે. અલબત્ત ચક્રવાતની અસર ગુજરાતના ભાગોમાં ન થાય અને ચક્રવાત સમુદ્રમાં સમાઈ જાય કે ઓમાન તરફ ફંટાઈ જાય એવી પણ શક્યતા છે. રાજયના અનેક ભાગોમાં આજે એટલે ગુરુવાર રાત્રિથી હવામાનમાં પલટો આવશે અને ત્રણ દિવસ વાદળછાયુ વાતાવરણ રહેશે.

ગુજરાતમાં રવિવાર સુધી એમ ત્રણ દિવસ વરસાદની હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજયના કેટલાક ભાગોમાં આજે વરસાદ પડ્યો છે. આજે સુરતના વાતાવરણમાં એકાએક પલટો આવ્યો છે. આજે વહેલી સવારથી જ અમદાવાદમાં ભર શિયાળે ચોમાસાનો અહેસાસ થઈ રહ્યો છે. હવામાનના પલટાની અસર અમદાવાદમાં પણ વર્તાઈ છે અને સવારથી અનેક વિસ્તારોમાં એકાએક કમોસમી વરસાદ પડ્યો હતો. વહેલી સવારે અમદાવાદમાં વરસાદ પડતા વહેલી સવારે દોડવા જતા લોકોને પારાવાર મુશ્કેલીઓ પડી હતી. આજે વહેલી સવારે અમદાવાદના ઘાટલોડિયા, ચાંદલોડિયા, ગુરુકૂળ, સેટેલાઈટ, એસજી હાઈવે, ગાંધીનગર, સરસપુર સહિતના અનેક વિસ્તારોમાં સવારે ૪ વાગ્યાથી એકાએક વાતાવરણ પલટાયું હતું અને ત્યારબાદ ધીમેધારે કમોસમી વરસાદ ખાબક્યો હતો. આ સિવાય વહેલી સવારે અમદાવાદના વેજલપુર, થલતેજ. એસ.જી. હાઈવે, સીટીએમ, જમાલપુર, કાંકરિયા વિસ્તારમાં વરસાદ પડ્યો હતો.યોગ્ય વળતરની જાહેરાત કરે તેવી માંગણી અમિત ચાવડાએ કરી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK